**રજૂ તારીખ : ૧૨–૧૦–૨૦૨૦**
**દાખલ તારીખ : ૧૨–૧૦–૨૦૨૦**
**નિકાલ તારીખ : ૦૭–૦૪–૨૦૨૨**
**સ મ ય : ૦૧–૦૫–૨૬**
**વર્ષ માસ દિવસ**

**મહુવાના મહે. ૭'મા અધિક સેશન્સ જજશ્રીની કોર્ટ,**
**મહુવા,જિ.ભાવનગર.**

**સેશન્સ કેસ નં.– ૧૫/૨૦૨૦**
**આંક–**

શ્રી સ ર કા ર ... ... .....:: **ફરિયાદી**

**વિ રૂ દ ધ**

(૧) ચિરાગ ઉર્ફે મુન્નો જયેશભાઈ ઉર્ફે જપ્પનભાઈ મકવાણા, ઉ.વ.૨૯, (UTP)
રહે. હાલ : છેનુભાઈની ચાલી, બગ્લા અંરીયા, છારા નગર,
ક્રોસીંગ પાટીયા, અમદાવાદ,
મુળ વતન ગામ : નેસવડ, તા.મહુવા,
જી.ભાવનગર

(૨) ચિરાગભાઈ ઉર્ફે ચિગો ઉર્ફે મોગલ ઉકાભાઈ ચુડાસમા, ઉ.વ.૨૦, (UTP)
રહે. વી.ટી.નગર, મંગલમુર્તિ સ્કુલની સામે,
મહુવા. .......... **::આરોપીઓ.**

**બાબત :– ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબ...**

**ફરિયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી. શ્રી વી.જી.માંડલીયા.**
**આરોપી નં.–૧ પક્ષ તરફે : વિ.ધારાશાસ્ત્રી શ્રી એમ.સી.જાની.**
**આરોપી નં.–૨ પક્ષ તરફે : વિ.ધારાશાસ્ત્રી શ્રી આર.એસ.વશીષ્ઠ.**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ મહુવા પો. સ્ટે. ઈ.ગુજકોપ એફ. આઈ. આર. નં.– ૧૧૧૯૮૦૩૫૨૦૦૪૩૨ (ફ.ગુ.ર. નં.–૨૯/૨૦૨૦) થી ભારતીય દંડ સંહીતાની કલમ : ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસ મુજબ તા.૦૨–૦૪–૨૦૨૦ ના રોજ રાત્રિના પોણા નવેક વાગ્યા આસપાસ આરોપી નં.–૧ તથા ૨ નાઓ ટુ વ્હીલર બાઈક પર સાહેદ જગદીશ શિયાળ અને સુરેશ મકવાણા સાથે નેસવડ ગામમાંથી પસાર થતા હતા ત્યારે આરોપી નં.–૧ નાઓ સાહેદ ચેતન ઉર્ફે બોખાને સાહેદ કિશોરભાઈ ડોળાસીયાની દુકાન પાસે ઉભા જોઈને આરોપી નં.–૨ ને ગાડી ઉભી રાખવાનું કહી ચાલુ બાઈક પરથી ઉતરી ગયેલ અને આરોપી નં.–૧ નાઓ સાહેદ ચેતન ઉર્ફે બોખા પાસે ગયેલ ત્યારે ત્યાં ફરીયાદી રગાભાઈ કાબાભાઈ સાંખટના ભાઈના દિકરા વિજયભાઈ જેન્તીભાઈ સાંખટ ઉ.વ.૨૨ ઉભા હોય જેને આરોપી નં.–૧ ના ભાઈ રામ સાથે અગાઉ માંથાકુટ થયેલ હોય તેની દાઝ આરોપી નં.–૧ ને હોય, જેથી વિજય (મરણજનાર) ત્યાંથી ભાગી સાહેદ કિશોરભાઈ ડોળાસીયાની દુકાનની પાછળ કાંટમાં ભાગેલ તો આરોપી નં.–૧ પણ તેની પાછળ ભાગેલ અને વિજય (મરણજનાર)ને પકડી લીધેલ અને આરોપી નં.–૨ ને બોલાવેલ તે પછી તમો બંને ભુંડા બોલી ગાળો દેવા લાગેલ અને આરોપી નં.–૨ નાઓએ વિજય(મરણજનાર)ને પકડી રાખેલ ત્યારે આરોપી નં.–૧ ના હાથમાં છરી હતી. તે વખતે ત્યાં ફરીયાદી પહોંચી ગયેલ અને સાહેદ ચેતન ઉર્ફે બોખો પણ આવી ગયેલ જેઓ બંને છોડાવવા જાય ત્યાં સુધીમાં એક છરીનો ઘા આરોપી નં.–૧ નાઓએ વિજય(મરણજનાર)ના મોઢા ઉપર મારી દીધેલ. ફરીયાદી તથા સાહેદ ચેતનભાઈ ઉર્ફે બોખા બંને વિજય(મરણજનાર)ને છોડાવી પાછા આવતા હતા ત્યારે આરોપી નં.–૧ તથા ૨ નાઓએ ફરીથી વિજય(મરણજનાર)ને પકડી ઢસડીને રોડ ઉપર સાહેદ કિશોરભાઈ અને સાહેદ ગોવિંદભાઈની દુકાનની વચ્ચે લઈ ગયેલ અને પેટમાં પાટા મારવા લાગેલ. ત્યારે ફરીયાદી તથા સાહેદ ચેતન ઉર્ફે બોખો મરણજનાર વિજયને બચાવવા માટે વચ્ચે પડેલ તો આરોપી નં.–૧ નાઓએ હવામાં છરી ફેરવી કોઈને બાજુમાં આવવા દીધેલ નહી તે પછી સાહેદ નાનજી તથા ચેતન પણ બચાવવા માટે ગયેલ. પરંતુ આરોપી નં.–૧ નાઓએ નજીક આવવા દીધેલ

નહી. ત્યારે આરોપી નં.–૨ નાઓએ વિજય(મરણજનાર)ને છરીના ઘા પેટના ભાગે અને મરણજનાર વિજયે ધકકો મારી ફરી ગયેલ તો વાસામાં તથા પડખામાં છરીના ઘા એક કુલ ૧૧ ઘા મારેલ ત્યારે ફરીયાદી તથા સાહેદ બધા તેને પકડવા ગયેલ તો બંને આરોપીઓ ત્યાંથી ભાગી સાહેદ સુરેશની મોટર સાયકલમાં બેસાડી નિકળી ગયેલ અને સાહેદ જગદીશ આ બનાવ બનેલ ત્યારે ત્યાંથી ભાગી ગયેલ. તે પછી વિજય(મરણજનાર)ને સારવાર માટે મહુવા સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાં તેનુ મોત થઈ ગયેલ. આમ, બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીના ભાઈના દિકરા વિજયને છરીના ૧૧ ઘા મારી જીવલેણ ગંભીર ઈજા કરી મોત નિપજાવી, આરોપીઓએ ઈ.પી.કો. કલમ – ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે.

(૩) મહુવા પો. સ્ટે. ઈ.ગુજકોપ એફ. આઈ. આર. નં.– ૧૧૧૯૮૦૩૫૨૦૦૪૩૨ (ફ. ગુ. ર. નં.–૨૯/૨૦૨૦) થી ગુનો દાખલ કરી સદર ગુન્હાની તપાસ ત. ક. અમલદારશ્રીને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ બનાવ અંગે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી વિગેતે તપાસ અંગેની કાર્યવાહી કરી હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ આ ગુન્હાનું ચાર્જશીટ એડી. ચીફ. જયુડી. મેજી., મહુવાની કોર્ટમાં દાખલ કરેલ અને જેનો ફો. કે. નં.– ૪૭૪/૨૦ પડેલો.

(૪) આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ : ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબના ગુના અંગેનો આક્ષેપ હોય અને તેવા ગુન્હાનો કેસ ચલાવવાની સતા ફકત સેશન્સ અદાલતને હોય એડી. ચીફ જયુડી. મેજી.શ્રીએ સદર કેસ ક્રીમી. પ્રોસી. કોડની કલમ – ૨૦૯ હેઠળ કમીટલ હુકમ કરી સેશન્સ કમીટ કરેલ અને સદર કેસ અત્રેની અદાલત તરફ આગળની કાર્યવાહી માટે મોકલી આપેલ જેનો હાલ સેશન્સ કેસ નં.– ૧૫/૨૦૨૦ આપવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે આ અદાલતમાં આવતા આરોપીઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરાયા બાદ આંક–૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ જે આરોપીઓને વાંચી સંભળાવી સમજાવેલ અને આરોપીઓના આંક–૬ અને ૭ થી પ્લી / જવાબ લેતા તેઓએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ છે. જેથી આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## મૌખિક પુરાવા

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ભાવેશભાઈ નરશીભાઈ ભાલીયાની જુબાની. | ૮ |
| ૨ | પંચ સાહેદ મેહુલભાઈ મનુભાઈ ભાલીયાની જુબાની. | ૧૦ |
| ૩ | પંચ સાહેદ ભલાભાઈ લાલુભાઈ બાંભણીયાની જુબાની. | ૧૨ |
| ૪ | પંચ સાહેદ વિજયભાઈ જયંતીભાઈ જોળીયાની જુબાની. | ૧૩ |
| ૫ | પંચ સાહેદ રણજીતભાઈ નરશીભાઈ જોળીયાની જુબાની. | ૧૪ |
| ૬ | પંચ સાહેદ વિક્રમભાઈ લવજીભાઈ જોળીયાની જુબાની. | ૧૬ |
| ૭ | પંચ સાહેદ રીઝવાનભાઈ બરકતભાઈ ડોડીયાની જુબાની. | ૧૮ |
| ૮ | પંચ સાહેદ મુકેશભાઈ કેશુભાઈ જોળીયાની જુબાની. | ૨૦ |
| ૯ | પંચ સાહેદ સુરેશભાઈ નરશીભાઈ બારૈયાની જુબાની. | ૨૨ |
| ૧૦ | પંચ સાહેદ ભાવેશભાઈ ભુપતભાઈ દુજરીયાની જુબાની. | ૨૫ |
| ૧૧ | પંચ સાહેદ અશોકભાઈ નાનજીભાઈ ભાલીયાની જુબાની. | ૨૭ |
| ૧૨ | પંચ સાહેદ ચંદુભાઈ કાનાભાઈ ભાલીયાની જુબાની. | ૨૮ |
| ૧૩ | પંચ સાહેદ ભરતભાઈ બાલાભાઈ ભીલની જુબાની. | ૩૦ |
| ૧૪ | પંચ સાહેદ જુબેરભાઈ હમદભાઈ ગનેજાની જુબાની. | ૩૧ |
| ૧૫ | ફરીયાદી રગાભાઈ કાબાભાઈ સાંખટની જુબાની. | ૩૨ |
| ૧૬ | સાહેદ નાનજીભાઈ અરજણભાઈ સાંખટની જુબાની. | ૩૪ |
| ૧૭ | સાહેદ ચેતનભાઈ રગાભાઈ સાંખટની જુબાની. | ૩૫ |
| ૧૮ | સાહેદ ચેતનભાઈ નરશીભાઈ જોળીયાની જુબાની. | ૩૬ |
| ૧૯ | સાહેદ ગોવિંદભાઈ શામજીભાઈ ચૌહાણની જુબાની. | ૩૭ |
| ૨૦ | સાહેદ કીશોરભાઈ હમીરભાઈ ડોળાસીયાની જુબાની. | ૩૮ |
| ૨૧ | સાહેદ જગદીશભાઈ રવજીભાઈ શીયાળની જુબાની. | ૩૯ |
| ૨૨ | સાહેદ સુરેશભાઈ વેલજીભાઈ મકવાણાની જુબાની. | ૪૦ |
| ૨૩ | સાહેદ હરપાલસિંહ બનેસિંગ ગોહીલની જુબાની. | ૪૧ |
| ૨૪ | સાહેદ રમેશચંદ્ર ચંદ્રકાંતભાઈ પંડયાની જુબાની. | ૪૬ |

| | | |
|---|---|---|
| ૨૫ | ડો. નિલેશભાઈ રામજીભાઈ કળસરીયાની જુબાની. | ૪૮ |
| ૨૬ | ડો. કલ્પેશ ભુપતરાય દવેની જુબાની. | ૫૩ |
| ૨૭ | સાહેદ ગફારભાઈ અબ્દુલભાઈ બીલખીયાની જુબાની. | ૫૮ |
| ૨૮ | ત.ક.અ. દિપક મોહનલાલ મીશ્રાની જુબાની. | ૬૩ |
| ૨૯ | ત.ક.અ. બહાદુરભાઈ પોસલાભાઈ ચૌધરીની જુબાની. | ૭૧ |

## દસ્તાવેજી પુરાવા

| અ.નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૯ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૧ |
| ૩ | અટક પંચનામુ | ૧૫ |
| ૪ | ડીસ્કવરી પંચનામુ | ૧૯ |
| ૫ | બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૨૧ |
| ૬ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૨૬ |
| ૭ | પી.એમ. દરમ્યાન લીધેલા નમુના કબજે કર્યાનું પંચનામુ | ૨૯ |
| ૮ | ફરીયાદ | ૩૩ |
| ૯ | નકશો તૈયાર કરવા કરેલ યાદી | ૪૨ |
| ૧૦ | ફોરવર્ડીંગ લેટર | ૪૩ |
| ૧૧ | નકશો | ૪૪ |
| ૧૨ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૭ |
| ૧૩ | મેડીકલ સર્ટી. | ૪૯ થી પર |
| ૧૪ | પી.એમ. નોટ | ૫૪ |
| ૧૫ | એમ.એલ.સી. યાદી | ૫૫ |
| ૧૬ | ઈન્કવેસ્ટ ભરવા અંગેની યાદી | ૫૯ |
| ૧૭ | મરણોતર ફોર્મ | ૬૦ |
| ૧૮ | મરણજનારનું પી.એમ. કરવા માટેની યાદી | ૬૧ |
| ૧૯ | તપાસનો હુકમ | ૬૪ |
| ૨૦ | ભારે ગુનાનો રીપોર્ટ | ૬૫ |

| | | |
|---|---|---|
| ૨૧ | મેડીકલ સર્ટી. આપવા કરેલ યાદી | ૬૬ |
| ૨૨ | સ્ક્રીનીંગ કરી પ્રમાણપત્ર આપવા કરેલ યાદી | ૬૭ |
| ૨૩ | કોલ ડીટેઈલ મેળવવા કરેલ યાદી | ૬૮ |
| ૨૪ | રવાનગી યાદી | ૬૯ |
| ૨૫ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૭૦ |
| ૨૬ | નિવેદન લેવા કરેલ યાદી | ૭૨ |
| ૨૭ | પૃથ્થકરણ રીપોર્ટ | ૭૩, ૭૪ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ. પી. પી.શ્રી દવારા આંક–૭૫ થી વધુ પુરાવા રજુ કરવા માંગતા નથી તે બાબતે પુરાવા બંધની પુરસીસ રજુ રાખેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થવા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૩૧૩ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. તેમજ સોગંદપર જુબાની આપવા બાબતે પુછતા જુબાની આપવા માંગતા નથી તેવુ જણાવેલ છે. તેમજ પોતાના બચાવમાં અન્ય કોઈ પુરાવો રજુ કરવા બાબતે પુછતા તેમા પણ ના પાડેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, ''અમો નિર્દોષ છીએ. અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે.''

(૮) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા કુલ ૨૯ સાહેદો તપાસેલ છે અને તેને સંલગ્ન દસ્તાવેજો રજુ કરેલ છે. તે પૈકી સાહેદ નં.–૧ થી ૧૪ સુધી પંચ સાહેદો છે. તે તમામ પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. પરંતુ તપાસ અધિકારી દવારા તમામ પંચનામાની હકીકતને પોતાના પુરાવામાં સમર્થન કરેલ છે. તે સિવાય ફરીયાદપક્ષ તરફે આ કામે સાહેદ નં.–૧૫ તરીકે ફરીયાદીને તપાસેલ છે. ફરીયાદી દવારા તેમની ફરીયાદ હકીકતને મહદઅંશે સમર્થન કરેલ છે. પરંતુ મહત્વની હકીકતો બોલતા ન હોય જેથી તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ તેમને વિગતવાર લીડીંગ સવાલો પુછતા તેઓએ તે તમામ હકીકતોને સમર્થન કરેલ છે. તે સિવાય સાહેદ નં.–૧૬ નાનજીભાઈ અરજણભાઈ સાંખટ, સાહેદ નં.–૧૭ ચેતનભાઈ રઘાભાઈ સાંખટનાઓ દવારા બનાવની હકીકતને સમર્થન કરેલ છે. તેમજ મુદ્દામાલ

હથીયાર તથા આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેમજ સાહેદ નં.–૨૪ તરીકે ફરીયાદપક્ષ તરફે એફ. એસ. એલ. અધિકારીને તપાસેલ છે. તેઓ દવારા પણ સમર્થન કરેલ છે. તેમજ મેડીકલ ઓફીસર એ. બી. દવે કે જેઓ દવારા મરણજનારનું પી. એમ. કરવામાં આવેલુ. તેઓએ પણ પોતાના અભિપ્રાયમાં મૃત્યુનું કારણ ભોંકાયેલા ઘા ના કારણે ખુબ લોહી વહી જવાના કારણે થયેલ હોવાનું જણાવેલ છે અને તમામ ઈજાઓને સમર્થન કરેલ છે અને તે ઈજાઓ નિક્ષણ, અણીવાળા, ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી. તેમજ મુદ્દામાલ છરી બતાવતા તે છરીથી મરણજનારને ઈજા થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે. તે સિવાય ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૭ થી ૨૯ સુધી તપાસ અધિકારીને તપાસેલ છે. તે તમામ સાહેદો દવારા પોતે કરેલ કાર્યવાહી વિસ્તારથી જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ દવારા પોતાના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ સાબિત કરેલ હોય જેથી આરોપીઓને મહતમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે આરોપી નં.–૧ તરફે વિ. વ.શ્રીએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ બંને દુકાનવાળાએ બનાવ નજરે જોયેલો. પરંતુ આ કામે તે બંને સાહેદોએ પોતે બનાવ નજરે જોયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. ફરીયાદીના કેસ મુજબ ફરીયાદી, ફરીયાદીનો દિકરો, તેમના ભાઈનો દિકરો તથા બે દુકાનવાળા નજરે જોનાર છે. પરંતુ ફરીયાદીની જુબાની જોવામાં આવે તો તેઓએ હથીયાર ઓળખી શકે નહી તેવુ જણાવેલ છે અને બનાવવાળી જગ્યાની આજુબાજુ બીજી દુકાનો અને ઘરે આવેલ હોવા છતાં આ કામે આવા કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વળી ફરીયાદી તેમના દિકરા તથા તેમના ભાઈના દિકરાનો પુરાવો જોવામાં આવે તો ત્રણેય જણા અલગ અલગ હકીકત જણાવે છે. ફરીયાદ હકીકત જોતા તેમા કોઈ નજરે જોનાર હોય તેવુ જણાવેલ નથી. પરંતુ પોલીસ દવારા ચાર જણને નજરે જોનાર સાહેદો તરીકે ઉભા કરેલ છે. આ ત્રણેય સાહેદોનો પુરાવો જોતા તેઓએ બનાવ નજેરે જોયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને આ ત્રણેય સાહેદોની હાજરી બનાવવાળા સ્થળે નેચરલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેઓ વધુમાં જણાવે છેકે, આ કામે પી. એમ. કરનાર મેડીકલ ઓફીસરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ઉલટતપાસમાં કબુલ રાખી છે કે, જે ઈજાઓ છે તે એક ધારવાળા હથીયારથી થઈ શકે તેવી ન હતી. તેમજ

ઈન્કવેસ્ટ અને પી.એમ.માં લાશની સ્થિતી પણ અલગ અલગ જણાવેલ છે. જે શંકા ઉત્પન્ન કરે છે. વળી મેડીકલ ઓફીસરનો પુરાવો જોતા ઈજા કે હથીયાર સાબિત થતા નથી અને ફરીયાદ પણ મોડી આપવામાં આવેલ છે. તે જોતા આરોપીઓ સામે અગાઉથી અદાવત હોય વિચાર વિમર્સ કરી ખોટી ફરીયાદ આપેલ છે. આમ, ફરીયાદપક્ષનો પુરાવો જોતા તે શંકા રહીતનો પુરાવો ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

જયારે આરોપી નં.–૨ તરફે વિ. વ.શ્રીએ પોતાની દલીલોમાં આરોપી નં.–૧ ના વકીલશ્રીએ કરેલ દલીલોને વાગોળેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ફરીયાદીની ઉલટતપાસ જોતા તેઓ આરોપી નં.–૨ ને ઓળખતા નથી અને આ કામે રજુ પુરાવા જોતા આરોપી નં.–૨ ની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ પણ રેકર્ડ પર નથી. વધુમાં ફરીયાદી તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, ફરીયાદ તેઓએ પોતે લખાવેલ નથી. તેઓ વધુમાં જણાવે છે કે, પોલીસ દવારા ખોટી રીતે આખો કેસ ડેવલપ કરવામાં આવેલ હોય અને આરોપી નં.–૨ ને તેમા ખોટી રીતે સંડોવવામાં આવેલ હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) આ કામે રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આ કેસના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

## –: મુદ્દા :–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૨–૦૪–૨૦૨૦ ના રોજ રાત્રિના પોણા નવેક વાગ્યા આસપાસ આરોપી નં.–૧ તથા ૨ નાઓ ટુ વ્હીલર બાઈક પર સાહેદ જગદીશ શિયાળ અને સુરેશ મકવાણા સાથે નેસવડ ગામમાંથી પસાર થતા હતા ત્યારે આરોપી નં.–૧ નાઓ સાહેદ ચેતન ઉર્ફે બોખાને સાહેદ કિશોરભાઈ ડોળાસીયાની દુકાન પાસે ઉભા જોઈને આરોપી નં.–૨ ને ગાડી ઉભી રાખવાનું કહી ચાલુ બાઈક પરથી ઉતરી ગયેલ અને આરોપી નં.–૧ નાઓ સાહેદ ચેતન ઉર્ફે બોખા પાસે ગયેલ ત્યારે ત્યાં ફરીયાદી રગાભાઈ કાબાભાઈ સાંખટના ભાઈના દિકરા વિજયભાઈ જેન્તીભાઈ સાંખટ ઉ.વ.૨૨ ઉભા હોય જેને આરોપી નં.–૧ ના ભાઈ રામ સાથે અગાઉ માંથાકુટ થયેલ હોય, તેની દાઝ આરોપી નં.–૧ ને હોય જેથી વિજય (મરણજનાર) ત્યાંથી ભાગી સાહેદ કિશોરભાઈ ડોળાસીયાની દુકાનની પાછળ કાંટમાં ભાગેલ તો આરોપી નં.–૧ પણ તેની

પાછળ ભાગેલ અને વિજય (મરણજનાર)ને પકડી લીધેલ અને આરોપી નં.–ર ને બોલાવેલ તે પછી તમો બંને ભુંડા બોલી ગાળો દેવા લાગેલ અને આરોપી નં.–ર નાઓએ વિજય(મરણજનાર)ને પકડી રાખેલ ત્યારે આરોપી નં.–૧ ના હાથમાં છરી હતી. તે વખતે ત્યાં ફરીયાદી પહોંચી ગયેલ અને સાહેદ ચેતન ઉર્ફે બોખો પણ આવી ગયેલ જેઓ બંને છોડાવવા જાય ત્યાં સુધીમાં એક છરીનો ઘા આરોપી નં.–૧ નાઓએ વિજય(મરણજનાર)ના મોઢા ઉપર મારી દીધેલ. ફરીયાદી તથા સાહેદ ચેતનભાઈ ઉર્ફે બોખા બંને વિજય(મરણજનાર)ને છોડાવી પાછા આવતા હતા ત્યારે આરોપી નં.–૧ તથા ર નાઓએ ફરીથી વિજય(મરણજનાર)ને પકડી ઢસડીને રોડ ઉપર સાહેદ કિશોરભાઈ અને સાહેદ ગોવિંદભાઈની દુકાનની વચ્ચે લઈ ગયેલ અને પેટમાં પાટા મારવા લાગેલ. ત્યારે ફરીયાદી તથા સાહેદ ચેતન ઉર્ફે બોખો મરણજનાર વિજયને બચાવવા માટે વચ્ચે પડેલ તો આરોપી નં.–૧ નાઓએ હવામાં છરી ફેરવી કોઈને બાજુમાં આવવા દીધેલ નહી તે પછી સાહેદ નાનજી તથા ચેતન પણ બચાવવા માટે ગયેલ. પરંતુ આરોપી નં.–૧ નાઓએ નજીક આવવા દીધેલ નહી. ત્યારે આરોપી નં.–ર નાઓએ વિજય(મરણજનાર)ને છરીના ઘા પેટના ભાગે અને મરણજનાર વિજયે ધકકો મારી ફરી ગયેલ તો વાસામાં તથા પડખામાં છરીના ઘા એક કુલ ૧૧ ઘા મારેલ ત્યારે ફરીયાદી તથા સાહેદ બધા તેને પકડવા ગયેલ તો બંને આરોપીઓ ત્યાંથી ભાગી સાહેદ સુરેશની મોટર સાયકલમાં બેસાડી નિકળી ગયેલ અને સાહેદ જગદીશ આ બનાવ બનેલ ત્યારે ત્યાંથી ભાગી ગયેલ. તે પછી વિજય(મરણજનાર)ને સારવાર માટે મહુવા સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાં તેનુ મોત થઈ ગયેલ. આમ, બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીના ભાઈના દિકરા વિજયને છરીના ૧૧ ઘા મારી જીવલેણ ગંભીર ઈજા કરી મોત નિપજાવી, આરોપીઓએ ઈ.પી.કો. કલમ – ૩૦ર, ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

(ર) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

<u>મુદ્દા નં.૧ :–</u>

(૧૧) આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ સાબિત કરવા તપાસ અધિકારી સહીત કુલ ૨૯ સાહેદો તપાસેલ છે અને તેને સંલગ્ન દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧૨) આ કામે રજુ પુરાવો તથા બંને પક્ષની દલીલો ધ્યાને લેતા તથા આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ ગુનાની હકીકત જોતા આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ – ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો નોંધાયેલ છે અને તે અંગે આરોપીઓ વિરૂધ્ધ આંક–૫ થી તહોમતનામુ ફરમાવેલ છે તે ધ્યાને લેતા, સદરહું કલમો હેઠળ આરોપીઓ વિરૂધ્ધ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સદર કલમો હેઠળના મહત્વના તત્વો પુરવાર કરવા જરૂરી છે. પરંતુ તે પહેલા ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

(૧૨.૧) ફરીયાદપક્ષ તરફે આ કામે સાહેદ નં.–૧ તરીકે પંચ સાહેદ ભાવેશભાઈ નરશીભાઈ ભાલીયાને આંક–૦૮ થી તપાસેલ છે અને આંક–૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ રાખેલ છે. આ પંચ સાહેદનો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો તેઓ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, મહુવા પો.સ્ટે.ના પોલીસે તેમને જે જગ્યાએ ખુન થયેલુ તે જગ્યા એટલે ડુંડાસ રોડ ઉપર એક કરીયાણાની દુકાન આવેલ છે ત્યાં બોલાવેલા અને તે જગ્યાએ ઉપર લોહીવાળા ધાબા પરથી એક કપડુ ઘસીને થેલીમાં નાખી દીધેલુ અને તે થેલી સોઈ દોરાથી સીવી દીધેલી અને ત્યારપછી સીકકો મારી દીધેલો ત્યારબાદ તેઓ સહી કરી જતા રહેલા. તેઓ વધુમાં જણાવે છે કે, તે જગ્યા પર તેમના સિવાય બીજા કોઈ વ્યકિત હાજર હોય અને તેણે બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી કે તેમને પોલીસવાળાને કાઈ લખાવેલ હોય તેવુ પણ બનેલ નથી. તેઓ વધુમાં જણાવે છે કે, પોલીસે તેમને એવુ કહેલ કે તમે પંચમાં છો અને સાક્ષીમાં છો અમોએ પંચનામુ કરેલ છે. જેથી તેઓએ તેમા સહી કરેલી. વધુમાં પુછતા જણાવે છે કે, તેઓએ પંચનામા સિવાય અન્ય કોઈ જગ્યાએ સહી કરેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ પંચ સાહેદ પોતાના સોગંદપરના પુરાવામાં આંક–૯ વાળા બનાવવાળી જગ્યાના

પંચનામાની હકીકતને પુરેપુરી રીતે સમર્થન કરતા ન હોય જેથી એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આ પંચ સાહેદ દવારા તા.૩૦–૦૪–૨૦૨૦ ના રોજ પોલીસે તેમને ગોવિંદભાઈ શામજીભાઈ ચૌહાણની દુકાને બોલાવેલ હોય અને તે જગ્યાનું તેમની રુબરુમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. આ કામના સાહેદ નં.–૧ નાઓએ આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, તેઓ નેસવડ ગામે પ્લોટ વિસ્તારમાં રહે છે અને રઘાભાઈ પણ પ્લોટ વિસ્તારમાં તેમની બાજુમાં રહેતા હોય તથા સબંધી થતા હોય તેથી તેમને ઓળખે છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, નેસવડથી ડુંડાસ જતા રસ્તા પર ઘણીબધી દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, પોલીસે તેમને જયારે બોલાવેલા ત્યારે ત્યાં ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા હતા અને તે વખતે પોલીસે એવુ જણાવેલ કે અમે પંચનામુ કરવા આવ્યા છે તે બાબતે તમારે સહી કરવાની છે. આમ કરી પોલીસે તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી અને સહી કર્યા બાદ તેઓ ઘરે જતા રહેલા. વધુમાં તેઓ જણાવે છે કે, તેમને જયારે સહી કરેલી ત્યારે પોલસવાળા અને તેઓ સિવાય બીજુ કોઈ હાજર ન હતુ.

જયારે સાહેદ નં.–૪ તરીકે પંચ સાહેદ વિજયભાઈ જેન્તીભાઈ જોળીયાને આંક–૧૩ થી તપાસેલ છે આ સાહેદ તેઓના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ પો.સ્ટે. પરથી પસાર થતા હતા ત્યારે એક લખેલા કાગળમાં પોલીસે તેમની સહી લીધેલી. તે વખતે ત્યાં પોલીસવાળા ભાઈઓ હતા, તેઓ હતા તથા રઘાભાઈ કાબાભાઈ સાંખટ હતા. પોલીસે તેમને કોઈ જગ્યા બતાવેલ હોય કે પોલીસવાળા ભાઈઓ લખતા હોય તેવુ બનેલ નથી. વધુમાં પુછતા તેઓ જણાવે છે કે, તેઓ ગોવિંદભાઈ શામભાઈ ચૌહાણને ઓળખે છે. જેઓ નેસવડમાં રહે છે. પરંતુ ગોવિંદભાઈ શામજીભાઈની સામે આવેલ દુકાન બતાવેલ હોય તેવી હકીકત નકારેલ છે. વધુમાં તેઓને પુછતા જણાવે છે કે, વિજયભાઈ જેન્તીભાઈ સાંખટને તેઓ ઓળખે છે અને તેમનુ મર્ડર થઈ ગયેલુ તેમની તેને ખબર છે. પરંતુ તે મર્ડર બાબતે કોઈ જગ્યા બતાવેલ હોય કે તેમની રુબરુ કાઈ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓએ માત્ર સહી કરેલી તે સિવાય તેઓ કાઈ જાણતા નથી. આમ, આ પંચ સાહેદ પોતાના સોગંદપરના પુરાવામાં આંક–૯ વાળા બનાવવાળી

જગ્યાના પંચનામાની હકીકતને પુરેપુરી રીતે સમર્થન કરતા ન હોય જેથી એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આ પંચ સાહેદ દવારા તા.૩૦–૦૪–૨૦૨૦ ના રોજ પોલીસે તેમને ગોવિંદભાઈ શામજીભાઈ ચૌહાણની દુકાને બોલાવેલ હોય અને તે જગ્યાનું તેમની રુબરુમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. આ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દવારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૨.૨) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨ તરીકે પંચ સાહેદ મેહુલભાઈ મનુભાઈ ભાલીયાને આંક–૧૦ થી તપાસેલ છે. તેમજ સાહેદ નં.–૩ તરીકે પંચ સાહેદ ભલાભાઈ લાલુભાઈ બાંભણીયાને આંક–૧૨ થી તપાસેલ છે. તેમજ આંક–૧૧ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદોનો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, મહુવા પોલીસે તેમને મહુવા સરકારી હોસ્પિટલમાં બોલાવેલા અને એક કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી અને એવુ કહેલ કે પોસ્ટ મોર્ટમ કરેલ છે તેમા પંચ તરીકે સહી કરવાની છે. તે સિવાય તેઓ કાઈ જાણતા નથી. તેમની હાજરીમાં કોઈ વ્યકિત હાજર હોય અને તેમની હાજરીમાં લાશ ઓળખી બતાવેલ હોય અને તે લાશ કોની હોય તેવુ જણાવેલ હોય તેમજ લાશ ઉપરની ઈજાઓ તેઓએ જોયેલી હોય તેવુ કાઈ બનેલ નહી. આમ, આ બંને પંચ સાહેદો દવારા તેમની રુબરુમાં ઈન્કવેસ્ટ પંચનામુ તેમના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ તમામ હકીકતો નકારેલી છે.

(૧૨.૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૫ તરીકે પંચ સાહેદ રણજીતભાઈ નરશીભાઈ જોળીયાને આંક–૧૪ થી તપાસેલ છે તેમજ સાહેદ નં.–૬ તરીકે પંચ સાહેદ વિક્રમભાઈ લવજીભાઈ જોળીયાને આંક–૧૬ થી તપાસેલ છે તેમજ આંક–૧૫ થી આરોપીઓને અટક કર્યા અંગેનું પંચનામુ રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, પોલીસે તેમને મહુવા પો.સ્ટે.માં બોલાવેલા અને ત્યાં લખેલા કાગળમાં સહી લીધેલી. તેમની રુબરુમાં કોઈને પકડયા હોય કે કોઈ મોટર સાયકલ કે મોબાઈલ કબજે કર્યા હોય તેવુ બનેલ નથી.

આ બંને પંચ સાહેદો દવારા તેમની રુબરુમાં આરોપીઓને અટક કર્યા અંગેનું પંચનામુ તેમના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ તમામ હકીકતો નકારેલી છે.

(૧૨.૪) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૭ તરીકે પંચ સાહેદ રીઝવાનભાઈ બરકતભાઈ ડોડીયાને આંક–૧૮ થી તપાસેલ છે તેમજ સાહેદ નં.–૧૪ તરીકે પંચ સાહેદ ઝુબેરભાઈ હમદભાઈ ગનેજાને આંક–૩૧ થી તપાસેલ છે તેમજ આંક–૧૯ થી ડીસ્કવરી પંચનામુ રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, મહુવા પો.સ્ટે.ના પોલીસે તેમને કયારે બોલાવેલા અને પંચનામામાં સહી કરાવેલી તે તેઓને હાલ યાદ નથી. તેઓ પો.સ્ટે. ગયેલા હોય અને ત્યાં કોઈ વ્યકિત હાજર હોય અને તેઓ કાઈ બતાવવા માંગતા હોય અને તેમની રુબરુમાં પંચનામુ થયેલ હોય તેવુ પણ તેમને યાદ નથી. આ બંને પંચ સાહેદોને આંક–૧૯ વાળુ પંચનામુ બતાવતા તેઓએ પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. વધુમાં આ બંને સાહેદોને પુછતા તેઓ જણાવે છે કે, સહી કર્યા બાદ પોલીસ તથા કોઈ વ્યકિતઓ સરકારી વાહન જીપમાં બેસી કોઈ જગ્યાએ ગયેલા હોય અને ત્યાંથી કોઈ વસ્તુઓ કાઢી બતાવેલ હોય અને તે પોલીસે મુદ્દમાલ તરીકે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આ બંને પંચ સાહેદો દવારા તેમની રુબરુમાં આરોપી નં.–૧ પાસેથી કોઈ ડીસ્કવરી (આરોપી નં.–૧ નાઓએ બનાવ સમયે પહેરેલ કપડા તથા બનાવમાં વાપરેલ હથીયાર છરી) કરી હોય અને તે અંગેનું પંચનામુ તેમના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ તમામ હકીકતો નકારેલી છે.

(૧૨.૫) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૮ તરીકે પંચ સાહેદ મુકેશભાઈ કેશુભાઈ જોળીયાને આંક–૨૦ થી તપાસેલ છે તેમજ સાહેદ નં.–૯ તરીકે પંચ સાહેદ સુરેશભાઈ નરશીભાઈ બારૈયાને આંક–૨૨ થી તપાસેલ છે તેમજ આંક–૨૧ થી આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, મહુવા પો.સ્ટે.ના પોલીસે તેમને પો. સ્ટે.માં બોલાવેલ અને બ્લડની એક શીશી

બતાવેલ અને તે પ્લાસ્ટીકના ખોખામાં મુકી દીધેલી. તે સેમ્પલ કોનું હતુ તેની તેમને ખબર નથી અને પોલીસે પણ તે અંગે કાઈ જણાવેલ નહી. તેમની રુબરુમાં કોઈ લખાણ કરવામાં આવેલ નથી કે તેમને તે વાંચી સંભળાવવામાં આવેલ નથી. આ બંને પંચ સાહેદોને આંક–૨૧ વાળુ બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ બતાવતા તેઓએ પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આ બંને પંચ સાહેદો દવારા તેમની રુબરુમાં આરોપીઓના બ્લડ સેમ્પલ તા.૦૪–૦૪–૨૦ ના રોજ તેઓને મહુવા પો.સ્ટે. બોલાવેલા અને તેમની રુબરુમાં પોલીસ કોન્સ્ટેબલ માલાભાઈ ભાયાભાઈ બગડાએ રજુ કર્યા હોય અને તે અંગેનું પંચનામુ તેમના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ તમામ હકીકતો નકારેલી છે.

(૧૨.૬) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૦ તરીકે પંચ સાહેદ ભાવેશભાઈ ભુપતભાઈ ગુજરીયાને આંક–૨૫ થી તપાસેલ છે તેમજ સાહેદ નં.–૧૧ તરીકે પંચ સાહેદ અશોકભાઈ નાનજીભાઈ ભાલીયાને આંક–૨૭ થી તપાસેલ છે તેમજ આંક–૨૬ થી આરોપી નં.–૨ નાઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, મહુવા પો.સ્ટે.ના પોલીસે તેમને પો. સ્ટે.માં બોલાવેલા અને એક કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. પછી તેઓ જતા રહેલા તેમની રુબરુમાં પોલીસે કપડા કબજે કરેલા અને તે તેમને બતાવેલા, જેમા કેસરી કલરનો શર્ટ અને કાળુ પેન્ટ બતાવેલ જે પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. પરંતુ તે કોની પાસેથી કબજે કરેલ તેની તેમને ખબર નથી. વધુમાં પુછતા તેઓ જણાવે છે કે, ત્યાં કોઈ વ્યકિત હાજર હોય અને ગુનો કરતી વખતે પહેરેલા કપડા બદલાવીને રજુ કરતા પોલીસે તપાસ અર્થે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં પેન્ટ અને શર્ટ તેમને બતાવવામાં આવે તો ઓળખી શકે તે બાબતે પુછતા ના પાડેલી છે. આ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય અને તેનાથી અલગ વિગતો રજુ રાખતા હોય, જેથી એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આરોપી ચીરાગ ઉર્ફે મોગલ ઉકાભાઈ ચુડાસમાએ એક કાળા અને સફેદ કલરનું શર્ટ ઉભી લાઈનીંગ વાળુ તેમજ કાળા કલરનું ગોઠણ સુધીનું ઉભી લાઈનવાળુ પેન્ટ રજુ કરેલ અને તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલુ અને તે અંગેનું

વિગતવારનું પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકત નકારેલ છે. તેમજ તેમની રુબરુમાં બ્લડ સેમ્પલ કબજે કરવામાં આવેલ હોવાની હકીકત પણ નકારેલ છે.

(૧૨.૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૨ તરીકે પંચ સાહેદ ચંદુભાઈ કાનાભાઈ ભાલીયાને આંક–૨૮ થી તપાસેલ છે તેમજ સાહેદ નં.–૧૩ તરીકે પંચ સાહેદ ભરતભાઈ બાલાભાઈ ભીલને આંક–૩૦ થી તપાસેલ છે તેમજ આંક–૨૯ થી મરણજનારના પી. એમ. દરમ્યાન કબજે કરેલ નમુનાઓ પો.સ્ટે.માં રજુ કરતા હોવા અંગેનું પંચનામુ રજુ રાખેલ છે. આ બંને પંચ સાહેદ તેમના સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો સાહેદ નં.–૧૨ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, મહુવા પો.સ્ટે.ના પોલીસે તેમને પો. સ્ટે.માં બોલાવી અને કહેલ કે આ એક આરોપીએ કપડા રજુ કરેલ છે તે કબજે લેવાના છે. તેમની હાજરીમાં કોઈ વ્યકિતએ આવીને કોઈ વસ્તુ રજુ કરેલ હોય અને તે પોલીસે તપાસ અર્થે કબજે કરેલ હોય કે તેમને કોઈ સેમ્પલ રજુ કર્યા હોય તેવુ તેઓએ જોયેલ નથી કે પંચનામુ લખાવેલ હોય કે વાંચેલ હોય તેવુ તેઓએ જોયેલ નથી. જયારે સાહેદ નં.–૧૩ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, મહુવા પો.સ્ટે.ના પોલીસે તેમને પો.સ્ટે.માં બોલાવેલા. મહુવા સરકારી દવાખાને બોલાવેલા અને ત્યાં એક કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તે સિવાય તેમની રુબરુમાં કોઈ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓ સહી કર્યા સિવાય અન્ય કાઈ જાણતા નથી. તેઓ વધુમાં જણાવે છે કે, આરોપીએ કપડા રજુ કરેલ છે તે કબજે લેવાના છે. તે સિવાય તેમની હાજરીમાં કોઈ વસ્તુ પોલીસે તપાસ અર્થે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. આ બંને પંચ સાહેદો દવારા તેમની રુબરુમાં પી.એમ. દરમ્યાન મરણજનારના સેમ્પલ પોલીસવાળાએ રજુ કર્યા હોય અને તે અંગેનું પંચનામુ તેમના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ તમામ હકીકતો નકારેલી છે.

(૧૨.૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૫ તરીકે ફરીયાદી રગાભાઈ કાબાભાઈ સાંખટને આંક–૩૨ થી તપાસેલ છે અને આંક–૩૪ થી ફરીયાદ રજુ રાખેલ છે. તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નેસવડ તા.મહુવા, જી.ભાવનગર મુકામે રહે છે અને ખેતી કામ કરે છે. તેઓ કુલ ૬ ભાઈઓ છે. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ આઠ થી નવ

મહીના પહેલા બનેલો, તારીખ તેઓને યાદ નથી. પરંતુ બનાવ રાત્રીના સાડા આઠથી નવ વાગ્યાના સમયમાં બનેલો. પોણા નવ વાગ્યે તેઓ દુધ લઈને ઘરે જતા હતા. તે વખતે તેઓ અશોકભાઈની દુકાનેથી તેમના ઘરે જતા હતા ત્યારે કીશોરભાઈ અને ગોવિંદભાઈની દુકાન વચ્ચે બનાવ બનેલો. તેમા વિજયભાઈ જેન્તીભાઈને મુન્નાભાઈ જપનભાઈ મકવાણાએ પગે પાટુ મારીને પાડી દીધેલ અને પછી છરીના ઘા મારેલા, પહેલો ઘા પડખામાં મારેલ અને તેઓ પકડવા જતા તે લોકો ભાગી ગયેલ અને બીજો મોગલ મોગલ કહે છે તે વ્યકિત હતો. તેનું નામ આવડતુ નથી. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ સ્થળે બળતણ પડયા હતા. તેમાંથી ધોકો લેવા ગયા ત્યાં તે લોકો ભાગી ગયેલા. ત્યારબાદ તેમનો છોકરો ચેતનભાઈ અને મોટા ભાઈનો દિકરો નાનજીભાઈ વિજયને દવાખાને લઈ ગયેલા. તેમના ભત્રીજાને ૧૨ ઘા મારેલા જેથી તેને હનુમંત હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી સરકારી હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા ત્યાં લઈ ગયેલા અને ત્યા મરણ ગયેલ હોવાનું કીધેલુ. વધુમાં તેઓને પુછતા જણાવે છે કે, બનાવ શુ કામ બનેલો તેના કારણની તેમને ખબર નથી અને આ બનાવ અગાઉ કોઈ બનાવ બન્યો હોય તે અંગે પણ તેઓ કાઈ જાણતા નથી. તેઓ વધુમાં જણાવે છે કે, પોલીસ હોસ્પિટલમાં આવેલી અને ત્યાં તેમને લખાવેલ અને અંગુઠાનું નિશાન કરેલ. ફરીયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલ છે. પરંતુ હથીયાર બાબતે પુછતા જણાવે છે કે, હથીયાર તેઓ ઓળખી શકે નહી. વધુમાં પુછતા જણાવે છે કે, બનાવ બની ગયા બાદ ખુન અંગેનું લોહી રોડ ઉપર પડેલ હતુ. તેનું પંચનામુ કરવા માટે પોલીસ આવેલી. તે સિવાય કોઈ હકીકત જણાવતા ન હોય. આમ, ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને પુરેપુરી રીતે સમર્થન કરતા ન હોય, એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરતા તેઓએ બનાવ તા.૨–૪–૨૦ ના રોજ રાત્રીના પોણા નવ વાગ્યે બનેલ હોવાની હકીકત નકારેલ છે. તેમજ તેઓ અશોકભાઈની દુકાનેથી દુધ લઈને ઘરે જતા હતા ત્યારે ગોવિંદભાઈ ચૌહાણની દુકાન આગળ પહોચતા ગાળો બોલવાનો અવાજ આવતા તેઓએ જોયેલ હોવાની હકીકત પણ નકારેલ છે. પરંતુ કીશોરભાઈની દુકાન પાછળ તેમના ભાઈ જેન્તીભાઈના દિકરા વિજયને તેમના ગામનો ચીરાગ ઉર્ફે મુન્નો જયેશભાઈ ઉર્ફે જપન અને ચીરાગ ઉર્ફે મોગલ બંને ભુંડી ગાળો બોલતા હતા અને ચીરાગ પાસે છરી હતી

અને તે વખતે ચીરાગ ઉર્ફે મોગલે તેમના ભત્રીજા વિજયને બે હાથથી પકડી રાખેલો અને ત્યારબાદ તેઓએ મુકી દે મુકી દે તેવી રાડો પાડેલી અને તેમના ભત્રીજા વિજયને છોડાવેલા તેમ છતાં આ બંને જણાએ તેમના ભત્રીજા વિજયને ફરી વખત પકડીને ઢસડીને રોડ ઉપર લઈ ગયેલા અને વિજયને પાટા મારવા લાગેલા અને તેઓ બાજુમાં બળતણ પડેલા તેમાંથી ધોકો લેવા જતા ચીરાગ ઉર્ફે મોગલે તેમના ભત્રીજાને પછાડીને માંથે ચડી ગયેલ અને બંને હાથે બથ ભરી વિજયને પકડી રાખેલ અને ચીરાગ ઉર્ફે મુન્નો જયેશે તેમના ભત્રીજા વિજયને પેટના ભાગે છરીના ઘા મારેલા અને પડખામાં પણ ઘા મારેલા તેમજ વાસામાં પણ ઘા મારેલા અને પછી તેઓ દોડીને તેના ભત્રીજા વિજયને બચાવવા વચ્ચે પડેલા. ત્યારબાદ ચીરાગ ઉર્ફે મુન્નો અને ચીગો ઉર્ફે મોગલ બંને મોટર સાયકલ પર બેસી ભાગી ગયેલા અને તેમના ભત્રીજા વિજયના શરીરે છરીના આસરે ૧૦ થી ૧૨ ઘા મારેલા અને તે લોહી લુહાણ થઈ ગયેલો અને પેટના ભાગે બંને જગ્યાએથી આતરડા બહાર નિકળી ગયેલા તેવી તમામ હકીકતો કબુલ રાખી છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખી છે કે, બનાવની જાણ થતા તેમનો દિકરો ચેતન તથા મુકેશભાઈ અને તેમના મોટાભાઈના દિકરા નાનજીભાઈ અને હીંમતભાઈ આવી ગયેલા અને તેમનો ભત્રીજો લોહીલુહાણ હાલતમાં બેભાન હતો, જેથી નાનજીભાઈ તથા ચેતન બંને જણા મોટર સાયકલ પર તેને હનુમંત હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાં તેને તપાસતા ડોકટર સાહેબે મરણ જાહેર કરેલ અને તેની લાશ પી. એમ. કરાવવા સરકારી દવાખાને લઈ ગયેલા. વધુમાં તેઓને પુછતા જણાવે છે કે, બનાવનું કારણ એવુ હતુ કે આજથી મહીના દોઢ મહીના પહેલા તેમના ભત્રીજા વિજય તથા તેના ભાઈબંધને ચીરાગ ઉર્ફે મુન્નાના ભાઈ રામે માંથાકુટ થયેલાની ફરીયાદ કરેલી અને અણબનાવ હતો તેની અદાવતના કારણે તેમના ભત્રીજા વિજયને આરોપીઓએ ઢીકા પાટુનો માર તેમજ છરીના અડેધડ ઘા મારી ગંભીર ઈજા કરેલી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, પોલીસે તેમની ફરીયાદ લખી લીધા બાદ તેમને વાંચી સંભળાવી તેમના ડાબા હાથના અંગુઠાનું નિશાન કરાવેલ. તેમજ એ હકીકત પણ કબુલ રાખી છેકે, બનાવ તેઓએ નજરે જોયેલો છે અને બનાવવાળી જગ્યા તેઓએ પોલીસને બતાવેલી. ફરીયાદીની આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ રાખી છે કે, તેઓ નેસવડ ગામે ખોડીયાર નગરમાં રહે છે.

નિશાળની બાજુમાં આવેલ ખાંચામાં તેમનું રહેણાંકનું મકાન આવેલ છે અને તેમના મકાનથી એક ખેતર દુર તેમના ભાઈ જેન્તીભાઈનું રહેણાંકનું મકાન આવેલ છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, નિશાળ પાસેથી પસાર થતા ડુંડાસ રોડ ઉપર બંને બાજુ રહેણાંકના મકાનો તથા દુકાનો આવેલ છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, નિશાળની સામે આવેલ દુકાનમાં પણ દુધ છાસ વિગેરે વસ્તુઓનું વહેચાણ થાય છે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, મારા ભાઈ જેન્તીભાઈનો દિકરો વિજય દારૂ પીવાની ટેવવાળો હતો અને તેની ઉપર દારૂના કેસ થયેલા હતા. તેમજ ગામના ઘણા માણસો સાથે તેને મારામારી કરેલી જેથી મારામારીના પણ ઘણા કેસો થયેલા. તેઓએ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, તેઓ અભણ હોય તેથી તારીખમાં ખબર પડતી નથી. આ સિવાય ફરીયાદી દવારા આરોપીઓના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં બનાવની હકીકત લખાવેલ નથી તેવા સુચક સવાલ પુછતા તે નકારેલ છે. ફરીયાદી દવારા આરોપી નં.–૨ ના વિ.વકીલશ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ આરોપી નં.–૨ ને વ્યકિતગત રીતે ઓળખતા નથી અને તેઓની મામલતદાર રુબરુ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, તેમને તેના ભત્રીજા વિજયને લોહીલુહાણ હાલતમાં રોડ ઉપર પડેલો જોયેલો અને ત્યાં ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને આ બધુ જોઈ તેઓ બેસુધ્ધ હાલતમાં થઈ ગયેલા અને ત્યાં બેસી ગયેલા અને ત્યારબાદ તેમનો દિકરો અને તેમના મોટાભાઈના દિકરા વિજયને મોટર સાયકલ પર દવાખાને લઈ ગયેલા. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, તેમને હનુમંત હોસ્પિટલે પોલીસ મળેલી અને ત્યાં તેઓની પુછપરછ કરેલી અને ત્યારબાદ પોલીસે તેમની પુછપરછ કરેલ નહી. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, હોસ્પિટલમાં તેઓની પુછપરછ કરેલી ત્યારે તેઓએ શું લખાવેલ તે તેઓને યાદ નથી. પરંતુ સોગંદ ઉપર સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને પુરેપુરી રીતે સમર્થન કરતા ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને પછી લીડીંગ સવાલો પુછતા બનાવ તા.૦૨–૦૪–૨૦ ના રોજ બનેલ હોય અને તે વખતે ગોવિંદભાઈની દુકાન આગળ પહોચતા ગાળો બોલવાનો અવાજ આવતા ત્યાં જોયેલ હોય તેવી હકીકત નકારેલ છે. આમ, ફરીયાદીનો પુરાવો જોતા ફરીયાદીને એ. પી. પી. શ્રી દવારાના લીડીંગ સવાલોમાં બનાવની તારીખ અંગે સમર્થન કરેલ નથી. વળી ફરીયાદી

મરણજનારના કાકા છે જેથી તેઓ રીલેટીવ વિટનેસ કહેવાય અને તેઓનો પુરાવો જોતા તેમના પુરાવાને કોરોબ્રેશન જરૂરી છે.

(૧૨.૯) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૬ તરીકે મરણજનારના કાકાના દિકરા ભાઈ સાહેદ નાનજીભાઈ અરજણભાઈ સાંખટને આંક–૩૪ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નેસવડ, તા. મહુવા મુકામે રહે છે અને રાણીવાડા કારખાનામાં હીરા ઘસવાનું કામ કરે છે. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ તા.૦૨–૦૩–૨૦૨૦ ના રોજ રાત્રીના સાડા આઠ થી નવ વાગ્યાના અરસામાં બનેલો. તે વખતે તેઓ માવો ખાવા દુકાને ગયા હતા અને ત્યાં બધા ભેગા થઈ ગયેલા હતા અને બાજતા હતા. તેઓના કાકાનો દિકરો વિજય અને મોગલ ઉર્ફે ચીગો, તેમા તેમના કાકાના દિકરા વિજયને ચીગાએ પકડી રાખેલ અને મુન્નાએ છરી મારેલી. બાદમાં તેઓ દંડીકો લેવા ગયા તો આ લોકો ભાગી ગયેલા. ત્યારબાદ વિજયને તેની ટુ વ્હીલર ગાડીમાં બેસાડી હનુમંત હોસ્પિટલમાં લઈ ગયેલા, ત્યારપછી તેમના ભાઈ તથા તેમના બાપા દવાખાને આવી ગયેલા અને હનુમંત હોસ્પિટલમાં વિજયને મૃત જાહેર કરી દીધેલો. ત્યારબાદ તેને પી.એમ. માટે સરકારી દવાખાને લઈ ગયેલા. આ બનાવ એકબીજાને બોલાચાલીમાંથી થયેલો. ત્યારબાદ આ સાહેદને મુદ્દામાલ વાળી છરી બાબતે પુછતા તેઓએ જણાવે છે કે, છરી તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. જે છરી કરકરીયાવાળી હતી. પરંતુ અંધારુ હોય તેથી તેજ હતી કે કેમ તે પાકુ કહી શકે નહી. તેમને મુદ્દામાલ છરી બતાવતા તેઓએ તે છરી રાત્રે જોયેલી તે નથી તેવુ જણાવેલ છે. પરંતુ આરોપીઓને ઓળખી બતાવેલ છે અને વધુમા જણાવેલ છે કે, છરીના ઘા પેટમાં તથા વાસાના ભાગે મારેલા. આ સાહેદે આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, ચીરાગ ઉર્ફે મુન્નો તેમના ગામનો હોય તેથી ઓળખે છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, ગુજરનાર તેમના કાકાનો દિકરો થાય છે અને ફરીયાદી તેમના કાકા થાય છે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, તેઓ નેસવડ ગામે ઘનશ્યામ નગરમાં આવેલ નિશાળની બાજુની ગલીમાં રહે છે અને નિશાળની સામેની બાજુ દુકાન આવેલ છે તેમા કરીયાણુ, પાનમાવા, દુધ વિગેરે વસ્તુઓ મળે છે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, તેઓ તેમના કાકાના દિકરાને દવાખાને લઈ ગયેલા તે વખતે તેમના કપડા તથા જે મોટર સાયકલ પર લઈ

ગયેલા તેમા લોહી લાગેલુ પરંતુ તે કપડા કે મોટર સાયકલ પોલીસે કબજે કરેલ નથી. તેઓએ એ હકીકત નકારેલ છે કે, મરણજનાર વિજય ઉપર મારામારીના ઘણા કેસો થયેલા. આ સાહેદે આરોપી નં.–૨ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, ચીરાગ ઉર્ફે ચીગો નેસવડ ગામનો રહીશ નથી. પરંતુ એ હકીકત નકારેલ છે કે, તેમના કાકાના દિકરાને કોઈએ પકડી રાખેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ બનાવ જોયેલ જે બનાવ તા.૦૨–૦૩–૨૦૨૦ ના રોજ બનેલો. તે વખતે તેઓ દુકાને માવો ખાવા ગયેલા. પરંતુ કઈ દુકાને ગયેલા તેવી કોઈ દુકાનનું નામ જણાવેલ નથી. વળી ફરીયાદીની બનાવ સમયે અને બનાવ સ્થળે હાજરી હતી તે બાબતે પણ કાઈ જણાવતા નથી. તેમજ બનાવની તારીખ પણ અલગ જણાવે છે. તેમજ મુદ્દામાલ છરી પણ ઓળખી બતાવેલ નથી.

(૧૨.૧૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૭ તરીકે મરણજનારના કાકાના દિકરા ભાઈ અને ફરીયાદીના દિકરા સાહેદ ચેતનભાઈ રગાભાઈ સાંખટને આંક–૩૫ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નેસવડ, તા. મહુવા મુકામે રહે છે અને રાણીવાડા કારખાનામાં હીરા ઘસવાનું કામ કરે છે. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ તા.૨–૩–૨૦ ના રોજ રાત્રીના સાડા આઠ થી નવ વાગ્યાના અરસામાં બનેલો. તે વખતે તેઓ તેમના ઘરે હતા અને તેમના પિતાએ બુમ પાડી એટલે તેઓ ત્યાં પહોચી ગયેલા. ત્યારે ચીરાગ ઉર્ફે મોગલે વિજયને પકડેલ હતો અને ચીરાગ ઉર્ફે મુન્નો છરી ફેરવતો હતો અને હું લાકડી ગોતવા ગયેલો ત્યારે તે ભાગી ગયેલો. તેઓ વધુમાં જણાવે છે કે, મુન્નાએ વિજયને છરીના ઘા મારી દીધેલા અને ત્યારબાદ પછી તેઓ તથા નાનજીભાઈ બંને ભાઈઓ વિજયભાઈને ટુ વ્હીલરમાં બેસાડી હનુમંત હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં હનુમંત હોસ્પિટલમાં તેમના પિતા, તેમના ભાઈ મુકેશભાઈ, જેન્તીભાઈ, હીંમતભાઈ આવી ગયેલા અને ત્યાં હોસ્પિટલમાં ડોકટર સાહેબે તેમને મરણ જાહેર કરેલા. જેથી વિજયભાઈને મોડી રાત્રે સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાં તેમનુ પી.એમ. કરેલુ અને ત્યારબાદ ઘરે લાવી તેમની અંતીમ વિધી કરેલી. આ સાહેદને બનાવનું કારણ પુછતા તેઓ જણાવે છે કે, આ બનાવનું કારણ સામાસામા વિજય અને મુન્નાભાઈ ફોનમાં ગાળો બોલવાથી આ બનાવ બનેલો. તેમા તેમના ભાઈ વિજયભાઈને કમરે, બે પડખામાં, વાસામાં છરીના ઘા મારેલા. છરી

મુન્નાના હાથમાં હતી તે તેઓએ જોયેલી. પરંતુ કેવી હતી તે તેઓએ જોયેલ નથી જેથી ઓળખી શકે નહી. આ સાહેદે આરોપીઓએ ઓળખી બતાવેલ છે. આ સાહેદ આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, ચીરાગ ઉર્ફે મુન્નો તેમના ગામનો હોય જેથી તેને ઓળખે છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, તેઓ લાકડી ગોતીને આવ્યા ત્યાં સુધીમાં ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયેલા. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, હનુમંત હોસ્પિટલ અને સરકારી દવાખાને પોલીસ તેમને મળેલી. હનુમંત હોસ્પિટલે પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નહી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, સરકારી હોસ્પિટલમાં પોલીસ આવી ત્યારે તેમના ઘરના બધા સભ્યો હાજર હતા અને બધાએ ફરીયાદ કરવાનું નકકી કરેલુ જેથી તેમના પિતાએ ફરીયાદ કરેલી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, તેમના ભાઈ વિજયનું પી.એમ. તથા અગ્નિ સંસ્કાર કર્યા બાદ પોલીસ તેમને મળેલ નહી કે તેઓ પોલીસ પાસે ગયેલ નહી. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, બનાવ અગાઉથી તેમને ચીરાગ ઉર્ફે મુન્ના સાથે વાંધો ચાલે છે. તેઓએ એ હકકીત પણ કબુલ રાખી છે કે, તેઓ જયારે પહોચ્યા ત્યારે ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને અંધારુ હોય તેથી ત્યાં કોણ કોણ હાજર હતુ તેને તેઓ ઓળખી શકે નહી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, તેઓ દવાખાને હતા અને ફરીયાદ કરવાનું નકકી કરેલ ત્યારે બનાવ શું બનેલ તેની તેઓને જાણ થયેલી. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ એક બાજુ જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ છે અને ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ દવાખાને હતા ત્યારે ફરીયાદ કરવાનું નકકી થયુ ત્યારે તેઓને ખબર પડેલ કે, બનાવ શું બનેલ છે. વધુમાં એમ પણ જણાવે છે કે, તેઓ પહોચ્યા ત્યારે ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા હોય પરંતુ અંધારુ હોવાના કારણે કોણ કોણ હતુ તે ખબર નથી.

(૧૨.૧૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૮ તરીકે સાહેદ ચેતનભાઈ નરશીભાઈ જોળીયાને આંક–૩૬ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નેસવડ, તા. મહુવા મુકામે રહે છે અને મજુરી કામ કરે છે. બનાવ વિજયભાઈ જેન્તીભાઈ સાંખટ સાથે બનેલો. તેઓ તેમના કુવા થાય છે. બનાવ મુન્ના ઉર્ફે ચીરાગ જપન સાથે થયેલ જેનુ નામ ચીરાગ જમન મકવાણા છે બીજાનું નામ ચીરાગ છે તેનું આખુ નામ આવડતુ નથી.

તેઓ બનાવ સમયે આ બંનેને ઓળખતા હતા અને બનાવ એકબીજાને બોલાચાલી થયેલી તેમાંથી બનેલો પરંતુ કઈ બાબતે બોલાચાલી થયેલ તેની તેઓને ખબર નથી. બનાવ સમયે તેઓ ઘરે હતા જેથી બનાવમાં શું બનેલ તેની તેમને ખબર નથી. વધુમાં પુછતા તેઓ જણાવે છે કે, તેમને અવાજ આવ્યો હોય અને તેઓ દોડીને ત્યાં ગયેલા અને ત્યાં કોઈએ છરી વડે મારેલ અને ભુંડી ગાળો બોલતા હોય તે તેઓએ સાંભળેલ અને તેઓ છોડાવવા વચ્ચે પડયા હોય અને કોઈએ કોઈને છરીના ઘા મારી દીધેલા હોય તેમજ કોઈ વિજયભાઈને ઢસડીને પાછા લઈ ગયેલા હોય અને પાટા મારેલા હોય તેમજ આડેધડ છરીના ઘા મારેલ હોય. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદે આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. પરંતુ છરી બાબતે પુછતા તેઓ ઓળખી શકે નહી તેવુ જણાવે છે. આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં તેઓએ બનાવ નજરે જોયેલ હોવાની હકીકત નકારેલ છે. તેમજ બનાવ બન્યાની વિગતો તેમને પોલીસ રુબરુના નિવેદનમાં લખેલ હોવાની વિગતો પણ નકારેલ છે. આ સાહેદે આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છેકે, આરોપી ચીરાગ ઉર્ફે મુન્નો તેમના ગામનો હોય તેથી તેમને ઓળખે છે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને વાતો વાતોથી સવારે વિજય સાથે બનાવ બનેલાનું જાણવા મળેલુ. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, પોલીસ આવી અને ફકત તેઓએ તેમનું નામ ઠામ પુછેલ તેઓએ પોલીસને કાઈ લખાવેલ નહી. આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ બનાવ સમયે મરણજનાર વિજય સાથે હતા. પરંતુ આ સાહેદ દવારા આવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

(૧૨.૧૨) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૯ તરીકે સાહેદ ગોવિંદભાઈ શામજીભાઈ ચૌહાણને આંક–૩૭ થી તપાસેલ છે. તેમજ સાહેદ નં.–૨૦ તરીકે કીશોરભાઈ હમીરભાઈ ડોળાસીયાને આંક–૩૮ થી તપાસેલ છે. આ બંને સાહેદો તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નેસવડ ગામ તા. મહુવા મુકામે રહે છે અને કરીયાણાની દુકાનમાં વેપાર કરે છે. તેઓને પુછતા જણાવે છે કે, બનાવમાં શું બનેલ અને તે કોની કોની વચ્ચે બનેલ તેની

તેમને ખબર નથી. સાહેદ નં.–૧૯ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેમને કોઈને ફોન કરી બનાવની જાણ કરેલ હોય તેવુ બનેલ નથી. આ બંને સાહેદો પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આ બંને સાહેદો દવારા બનાવ પોતે નજરે જોયેલ હોવાનું અને તે હકીકત પોતાના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ હોવાની હકીકત નકારેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ બંને સાહેદોની દુકાનની વચ્ચે બનાવ બનેલો અને આ બંને સાહેદોએ બનાવ નજરે જોયેલ. પરંતુ આ સાહેદો દવારા તેને સમર્થન આપેલ નથી.

(૧૨.૧૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૧ તરીકે સાહેદ જગદીશભાઈ રવજીભાઈ શીયાળને આંક–૩૯ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નેસવડ મુકામે રહે છે અને ડ્રાઈવીંગનું કામ કરે છે અને બનાવ સમયે છુટક મજુરીનું કામ કરતા હતા. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ સમયે તેઓ અમદાવાદ ગયા હતા. વધુમાં પુછતા તેઓ જણાવે છે કે, એવુ બનેલ નહી કે બનાવ સમયે તેઓ તેમના ગામમાં આવેલ હરીઓમ પાન પાસે હાજર હોય ત્યારે તેમની રુબરુમાં કોઈ બનાવ બનેલ હોય અને તે બનાવ તેઓએ જોયેલ હોય. આ સાહેદે આરોપીઓ કે મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી તેવુ જણાવેલ છે. આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં તેઓ બંને આરોપીઓ સાથે ચાર સવારીમાં મોટર સાયકલ પર બેસીને રખડવા ગયેલા અને પોણા નવ વાગ્યે નેસવડ ગામથી વી. ટી. નગર બાજુ જતા ગોવિંદભાઈ ચૌહાણની દુકાન પાસે ગયેલા અને ત્યાં બનાવ બનેલો અને ત્યારબાદ તેઓ બનાવ જોઈ ન શકતા ત્યાંથી ઘરે જતા રહેલ હોવાની હકીકત નકારેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ આરોપીઓ સાથે એકજ મોટર સાયકલ ઉપર બનાવવાળા સ્થળે ગયેલા પરંતુ આ સાહેદ દવારા તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી.

(૧૨.૧૪) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૨ તરીકે સાહેદ સુરેશભાઈ વેલજીભાઈ મકવાણાને આંક–૪૦ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ મહુવા મુકામે રહે છે અને હીરા ઘસવાનું કામ કરે છે. તેઓ વધુમાં જણાવે છે કે, બનાવ

સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ વિશે કાઈ જાણતા નથી. વધુમાં પુછતા તેઓ કોઈની સાથે ગયેલા હોય અને બનાવ જોયેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત રજુ રાખી છે. આ સાહેદે આરોપીઓ કે મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી તેવુ જણાવેલ છે. આમ, આ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં તેઓ બંને આરોપીઓ સાથે ચાર સવારીમાં મોટર સાયકલ પર બેસીને રખડવા ગયેલા અને પોણા નવ વાગ્યે નેસવડ ગામથી વી. ટી. નગર બાજુ જતા ગોવિંદભાઈ ચૌહાણની દુકાન પાસે ગયેલા અને ત્યાં બનાવ બનેલો અને ત્યારબાદ એક ભાઈ હાથમાં બળતણ જેવુ લાકડુ લઈને દોડતા બંને ચીરાગ મોટર સાયકલ પાસે દોડીને આવેલા અને બંને જણાએ મને મોટર સાયકલ પર બેસી જવાનું કહેતા હું પાછળ બેસી ગયેલો અને તેઓ મને ઘરે ઉતારાની જતા રહેલા અને જણાવેલ કે આ બાબને કોઈને કહીશ તો તને પણ આમા ફસાવી દઈશુ તેવી હકીકત નકારેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ આરોપીઓ સાથે સ્થળ ઉપર એકજ મોટર સાયકલ ઉપર ગયેલા અને બનાવ બન્યા બાદ આરોપીઓ આ સાહેદની મોટર સાયકલ ઉપર જતા રહેલા. પરંતુ આ સાહેદ દવારા તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

(૧૨.૧૫) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૩ તરીકે સાહેદ હરપાલસિંહ બનેસિંહ ગોહીલને આંક–૪૧ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૩–૪–૨૦ ના રોજ તેઓ તાલુકા પંચાયત કચેરી, મહુવા ખાતે વિસ્તરણ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે મહુવા પો.સ્ટે.ના ઈન્સ. તરફથી નકશો બનાવવા માટે યાદી તેમની કચેરીમાં આવતા તેમને તે યાદી સોંપવામાં આવેલી અને તેઓએ તા.૫–૫–૨૦ ના રોજ ગુનાવાળી જગ્યાએ જઈ નકશો તૈયાર કરેલો. જે નકશો ફોરવર્ડીંગ લેટર સાથે આંક–૪૪ થી રજુ રાખેલ છે. આ સાહેદે આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, નકશો બનાવવાની યાદી તેમની ઓફીસમાં તા.૨૨–૪–૨૦ ના રોજ મળેલી. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, કોઈપણ જગ્યાનો નકશો બનાવવાનો હોય તે સ્થાનીક વ્યકિતઓની હાજરીમાં કરવાનો હોય છે. પરંતુ તેઓએ જે નકશો રજુ કરેલ છે તેમા કોઈપણ સ્થાનીક વ્યકિતની સહી લેવામાં આવેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, નેસવડ થી

ડુંડાસ જતા રસ્તાપર બંને બાજુ દુકાન તથા મકાન આવેલ છે. પરંતુ તેમણે જે નકશો તૈયાર કરેલ છે. તેમા રોડની બંને બાજુ આવેલ મકાનો તથા દુકાનો દર્શાવેલ નથી. તેઓએ એ હકીકત નકારેલ છે કે તેઓ સ્થળ પર ગયેલ નથી પરંતુ માત્ર પોલીસ પેપર્સ આધારે નકશો બનાવેલ નથી. આ સાહેદ દવારા બનાવવાળા સ્થળનો નકશો તા.૨૩–૦૪–૨૦ ના રોજ બનાવેલ છે. પરંતુ નકશામાં રસ્તાની આજુબાજુ આવેલ મકાનો તથા દુકાનો બતાવેલ નથી. આમ, નકશો યોગ્ય રીતે બનાવેલ નથી તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૨.૧૬) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૪ તરીકે એફ. એસ. એલ. અધિકારી રમેશચંદ્ર ચંદ્રકાંતભાઈ પંડયાને આંક–૪૬ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩–૪–૨૦ ના રોજ મહુવા પો.સ્ટે.થી ભાવનગર ખાતે પોલીસ કંટ્રોલ રુમમાં આ ગુના અંગેની જાણ થતા તેઓ તા.૪–૪–૨૦ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે મહુવા પો.સ્ટે.ને આવેલા અને તપાસ અધિકારી સાથે સ્થળ પર પહોચતા તેમને જણાવેલ કે, આ કામના આરોપી ચીરાગ ઉર્ફે મુન્નાના ભાઈ રામ સાથે મરણજનારને અગાઉ માંથાકુટ થયેલી તેની દાઝ રાખી આ કામના આરોપીએ મરણજનારને ભુંડી ગાળો બોલી, આરોપી નં.–૨ નાઓએ મરણજનારને પકડી રાખેલ અને આરોપીએ મરણજનારના શરીર ઉપર આડેધડ છરીના ઘા મારી જીવલેણ ગંભીર ઈજા કરી મોત નિપજાવી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે. જેથી તે સંદર્ભે તા.૪–૪–૨૦ ના રોજ સ્થળ અવલોકન કરતા તપાસ અધિકારીએ બતાવેલ જગ્યા નેસવડ ગામ, ડુંડાસ રોડ ઉપર ૧૮ ફુટ પહોળો રોડ આવેલ હોય જેમા આશરે ૩×૩.૫ ફુટમાં અનિયમીત આકારના ઘેરાવમાં સુકાઈ ગયેલા રુધીરનું ધાબુ હતુ પરંતુ તપાસ અધિકારીએ જણાવેલ કે, તેમના પંચનામા દરમ્યાન ત્યાંથી રુધીરવાળો નમુનો લેવડાવેલ છે. જેથી તેઓએ મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ નમુનાઓ તથા આરોપીના કપડા, બ્લડ સેમ્પલ તથા ગુનામાં વપરાયેલ હથીયારો એફ. એસ. એલ. જુનાગઢ ખાતે મોકલવા સુચન કરેલ. આ સાહેદે આંક–૪૭ થી પોતાના હસ્તાક્ષરમાં લખેલ સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરેલ છે. આ સાહેદે આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, તેમની હાજરીમાં સ્થળ પરથી કોઈ નમુના લેવામાં આવેલ નથી કે સ્થળની વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી. પરંતુ તેઓ સ્થળ પર ગયેલ ન હોય અને પોલીસને મદદ કરવા માટે ખોટો રીપોર્ટ કરેલ હોવાની

હકીકત નકારેલ છે. આ સાહેદનો પુરાવો જોતા તેઓએ બનાવના બીજા દિવસે બનાવવાળા સ્થળ ઉપર જઈ સ્થળ પરીક્ષણ કરેલ. પરંતુ ત્યાંથી કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ નથી.

(૧૨.૧૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૫ તરીકે ડો. નિલેશભાઈ રામજીભાઈ કળસરીયાને આંક–૪૮ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૪–૪–૨૦ ના રોજ બપોરના ૧:૨૦વાગ્યે જનરલ હોસ્પિટલ મહુવા ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે પોલીસ યાદી સાથે પો. કો. એમ. બી. બગડાનાઓ ચીરાગ ઉર્ફે મુન્નો જયેશભાઈ મકવાણા તથા ચીરાગ ઉર્ફે મોગલભાઈ ચુડાસમા વાળાનાઓને બ્લડ સેમ્પલ માટે હોસ્પિટલમાં લાવેલા જેથી તેઓએ બંનેના પાંચ પાંચ શીશી બ્લડ લઈ શીલ મારી આવેલ પો. કો.ને આપેલા અને તે બાબતના આંક–૪૯ અને ૫૦ વાળા સર્ટી. આપેલા. તેમજ તેમને જે સેમ્પલ સીલ નમુના એફ. એસ. એલ. જુનાગઢમાં મોકલેલા તે બાબતે ફોરવર્ડીગ લેટર કરીને આપેલો. આ સાહેદે આરોપી નં.–૧ અને ૨ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, આંક–૪૯ અને આંક–૫૦ વાળા સર્ટી.માં જણાવેલ દર્દીનો નમુનો શા માટે લેવામાં આવેલ છે તે વિગત લખેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, આંક–૫૦ વાળા સર્ટી.માં જમણી બાજુ તારીખ વાળા કોલમમાં તારીખ લખેલ નથી.

(૧૨.૧૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૬ તરીકે ડો. કલ્પેશભાઈ ભુપતરાય દવેને આંક–૫૩ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨–૪–૨૦ ના રોજ તેઓ મહુવા જનરલ હોસ્પિટલમાં ફરજ પર હતા ત્યારે મહુવા પો. સ્ટે.ના પી. એસ. આઈ. જી. એ. બીલખીયા મરણોતર ફોર્મ, ઈન્કવેસ્ટ પંચનામા સાથે મરણજનાર વિજયભાઈ જેન્તીભાઈ સાંખટ, રહે. નેસવડનાઓની લાશ લઈને પી. એમ. માટે તેમની તરફ મોલકતા તેઓએ તથા તેમની સાથેના ડો. બી. બી. મોરીનાઓએ પી.એમ. પેનલથી કરેલુ. સબ તથા કેસ પેપર્સ તા.૨–૪–૨૦ ના રોજ રાત્રીના ૧૧:૫૫ કલાકે મળેલ હોય જેથી સબ પરીક્ષણ તા.૩–૪–૨૦ ના રોજ સવારે ૭ કલાકે શરૂ કરેલુ અને ૯ કલાકે પુરુ કરેલુ. આ સાહેદે આંક–૫૪ થી પી. એમ. નોટ રજુ કરેલ છે અને પોતાની સોગંદપરની જુબાનીમાં પી. એમ. નોટમાં જણાવેલ પોતે કરેલ લાશની બાહય તપાસ, લાશ ઉપરની જણાઈ આવતી બાહય ઈજાઓ, લાશની આંતરીક તપાસની વિગતો દર્શાવેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, તેઓએ લાશના કપડા તથા તેમનું લોહી લઈ

શીલ કરી પોલીસને સોંપેલુ અને તેમના અભિપ્રાય મુજબ મૃત્યુ ઘણાબધા ભોકાયેલા ઘા ના કારણે ખુબજ લોહી વહી જવાના કારણે થયેલુ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, આ ઈજાઓ તિક્ષ્ણ, અણીવાળા, ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી. તેઓએ પી.એમ. દરમ્યાન કબજે કરેલ કપડા (મુદ્દામાલ) તેમને બતાવતા ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ છરી બતાવતા તેઓએ જણાવેલ છે કે, આ છરીથી પી.એમ. નોટના કોલમ નં.–૧૭ માં જણાવેલ ઈજાઓ થઈ શકે તેવી છે. આ સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, ઈન્કવેસ્ટ પંચનામામાં બતાવેલ ઈજા કરતા પી.એમ. નોટમાં વધારે ઈજા જણાવેલી છે. તેમજ ઈન્કવેસ્ટ પંચનામામાં જણાવેલ ઈજાઓની સાઈઝ તથા પી.એમ. નોટમાં જણાવેલ ઈજાઓની સાઈઝ પર અલગ અલગ છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, ઈન્કવેસ્ટ પંચનામામાં ચહેરા પર કોઈ ઈજા જણાવેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, ઈન્સાઈઝ વુનના બે પ્રકાર હોય છે. એક વેઈઝ સેપ અને બીજો સ્પીન્ડલ સેપ સામાન્ય રીતે એક ધાર વાળા હથીયારથી ઈજા થાય તો તે વેઈઝ સેપની છે અને બે બાજુની ધારવાળા હથીયારથી ઈજા કરવામાં આવે તો તે સ્પીન્ડલ સેપની હોય છે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, ઈજાનો પ્રકાર લખ્યા પછી ઈજા શેનાથી થાય તે નકકી થઈ શકે. પરંતુ પી.એમ. નોટના કોલમ નં.–૧૭ માં જણાવેલ ઈજાઓ કયા સેપની હતી તે લખેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, આજદીન સુધી મેડીકલ સાયન્સ એટલુ એડવાન્સ થયેલ નથી કે થયેલ ઈજા કયા પ્રકારના હથીયારથી થઈ છે તે ચોકકસ કહી શકાય. તેઓએ એ હકીકત નકારેલ છે કે ધારદાર તલવાર હોય તો આવા પ્રકારની ઈજા થઈ શકે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, લાશની ઈજાઓ મૃત્યુ પહેલાની હતી તે કઈ પધ્ધતીથી તેઓએ નકકી કરેલ છે તેવુ પી.એમ. નોટમાં લખેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, કોલમ નં.–૧૭ માં અલગ પેઈઝમાં ઉપર બતાવેલ ઈજાઓમાં તેમની સાથેના પેનલ ડોકટરની સહી નથી. તે સિવાયની અન્ય હકીકતો આ સાહેદ દવારા નકારવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોતા મરણજનારને થયેલ ઈજાને સમર્થન કરેલ છે અને મુદ્દામાલ છરી બતાવતા તેનાથી થઈ શકે તેવી ઈજાઓ હોવાની સંભાવના જણાવેલ છે. પરંતુ આ સાહેદે બનાવ જોયેલ નથી.

(૧૨.૧૯) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૭ તરીકે પોલીસ સાહેદ ગફારભાઈ અબ્દુલભાઈ બીલખીયાને આંક–૫૮ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩–૪–૨૦ ના રોજ તેઓ મહુવા પો.સ્ટે.માં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સરકારી દવાખાનેથી મારામારીમાં ઈજા થતા મરણ ગયા અંગેની યાદી આવતા તે યાદીના આધારે તેઓએ રગાભાઈ કાબાભાઈ સાંખટ વાળાની તેમના રુબરુની ફરીયાદ લેતા તેમા ચીરાગભાઈ જયેશભાઈ ઉર્ફે જપન તથા ચીરાગ ઉકાભાઈ મકવાણાએ તેમના ભત્રીજા વિજયને આડેધડ છરીના ઘા મારી મૃત્યુ નિપજાવેલ છે વિગેરે મતલબની ફરીયાદ તેમના રુબરુ લખાવતા તેઓએ ફરીયાદ લઈ પો.સ્ટે.માં ગુનો રજી. કરવા આપેલ. તેમજ મરણજનારનું ઈન્કવેસ્ટ ભરવા માટે યાદી કરેલ તેમજ મરણોતર ફોર્મ ભરી પી.એમ. કરાવવા યાદી વિગેરે લખી આ કામે આગળની તપાસ જે તે અધિકારીને સોંપવા પી.એસ.ઓ.ને જાણ કરેલી. આ સાહેદે આંક–૫૯ થી ૬૧ સુધી તેઓએ કરેલ કાર્યવાહીના દસ્તાવેજો રજુ કરેલ છે. આ સાહેદને આરોપી નં.–૧ તથા ૨ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, આ કામના ફરીયાદીને વાંચતા લખતા આવડતુ ન હતુ. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, તેઓ દવાખાને પહોચ્યા ત્યારે ત્યાં ગુજરનારના ઘણાબધા સબંધીઓ હાજર હતા. પરંતુ એ હકીકત નકારેલ છે કે, ગુજરનારના સબંધીઓ સાથે ચર્ચા વિચારણા કરી ફરીયાદ જાતે લખી લીધેલી અને તેમા ફરીયાદીના અંગુઠાનું નિશાન લીધેલુ.

(૧૨.૨૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૮ તરીકે પોલીસ સાહેદ દિપક મોહનલાલ મીશ્રાને આંક–૬૩ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩–૪–૨૦ ના રોજ તેઓ મહુવા પો.સ્ટે. ખાતે તેઓ પી. આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીની ફરીયાદ દાખલ થતા તપાસ તેઓએ સંભાળી લીધેલ અને તપાસના કામે બનાવવાળી જગ્યાનું પંચનામુ, જનરલ હોસ્પિટલ મહુવાની એમ. એલ. સી. યાદી, ઈન્કવેસ્ટ ભરવા લખેલ યાદી, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણોતર ફોર્મ, લાશ સોપ્યાની પહોચ તથા પેનલ પી.એમ. કરવા લખેલ યાદીની નકલો સામેલ રાખેલી અને ફરીયાદના અનુસંધાને લાગતા વળગતા સાહેદોના નિવેદનો તથા ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ. જે તમામ તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. ત્યારબાદ આરોપીઓ મળી આવતા તેમને અટક કરેલ. તેમજ ગુનામાં

વપરાયેલ મોટર સાયકલ તથા અન્ય ચીજ વસ્તુ કબજે કરેલ. એફ. એસ. એલ. અધિકારી ભાવનગરને સ્થળ પરીક્ષણ અભિપ્રાયની નકલ સામેલ રાખેલ અને આરોપીઓના બ્લડ સેમ્પલ જનરલ હોસ્પિટલ મહુવાના મેડીકલ ઓફીસરે લીધેલા તે પંચો રુબરુ કબજે કરેલ અને ગુનો કરતી વખતે પહેરેલ કપડા કબજે કરેલ અને ત્યારબાદ સી. આર. પી. સી. કલમ – ૧૬૪ નુ નિવેદન લેવા રીપોર્ટ કરેલ અને તમામ ચીજ વસ્તુ એફ. એસ. એલ. જુનાગઢને મોકલી આપેલ ત્યારબાદ તેમની બદલી ભાવનગર મુકામે થતા આગળની તપાસ બી. પી. ચૌધરીને સોંપેલી. આ સાહેદે તેમણે કરેલ કાર્યવાહી અંગેના દસ્તાવેજો આંક–૬૪ થી ૭૦ સુધી રજુ કરેલ છે. આ સાહેદે આરોપી નં.–૧ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, આંક–૧૯ વાળા ડીસ્કવરી પંચનામામાં જણાવેલ જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં કોઈ પણ વ્યકિત આસાનીથી અવર જવર કરી શકે તેવી છે. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, આંક–૬૮ (મોબાઈલ નંબરની કોલ ડીટેઈલ મેળવવા કરેલ યાદી) વાળી યાદીમાં જણાવેલ મોબાઈલ નંબરો કોના હતા તેવી કોઈ હકીકત લખેલ નથી કે તે મોબાઈલ નંબરો કોને ફાળવવામાં આવેલા તે બાબતેના કોઈ દસ્તાવેજો તેઓએ ટેલીકોમ કંપની પાસેથી મેળવેલ નથી. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, આરોપી નં.–૧ નું બ્લડ 'એ' ગ્રુપનું હતુ. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, તેમની તપાસમાં એવી હકીકત ખુલેલ કે ગુજરનાર દારૂ પીવાની ટેવવાળા હતા અને તેના પર ઘણાબધા કેસ ચાલતા હતા. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, તેમની તપાસમાં એવી હકીકત ખુલેલ કે ગુજરનારને લોહી લુહાણ હાલતમાં રોડ ઉપર પડેલા જોવામાં આવેલા. આ સાહેદે આરોપી નં.–૨ ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, આરોપી નં.–૨ નેસવડ ગામનો રહેવાસી નથી અને એ હકીકત પણ કબુલ રાખી છે કે, આરોપી નં.–૨ ની ફરીયાદી કે કોઈ સાહેદ પાસે ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૨.૨૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૨૯ તરીકે પી. આઈ. બહાદુરભાઈ પોસલાભાઈ ચૌધરીને આંક–૭૧ થી તપાસેલ છે તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૦ માં સી. પી. આઈ. તળાજા તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી. આઈ. મીશ્રનાઓની બદલી થતા મહુવા પો.સ્ટે.નો ચાર્જ તેઓને સોંપવામાં આવેલ તે દરમ્યાન આ ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલી અને તપાસના કામે સી. આર. પી. સી. કલમ – ૧૬૪

નું નિવેદન લેવડાવવા માટે રીપોર્ટ કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલુ. તેઓએ આંક–૭૩ અને ૭૪ થી એફ. એસ. એલ. જુનાગઢના પૃથ્થકરણ રીપોર્ટ તપાસના કામે મેળવી રજુ  રાખેલા. આ સાહેદની આરોપી નં.–૧ તથા ર ના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખી છે કે, તેમણે કરેલ ચાર્જશીટ સાથે સી. આર. પી. સી. કલમ – ૧૬૪ મુજબનું કોઈ નિવેદન રજુ કરેલ નથી. તેઓએ એ હકીકત પણ કબુલ રાખી છે કે, આંક–૭૪ વાળા રીપોર્ટમાં કોઈ તારીખ લખવામાં આવેલ નથી અને ગુના રજી. નં.– ૪૩૨/૨૦ લખેલો છે. આ બાબતે તેઓ જણાવે છે કે, તે ઈ–ગુજકોપ નંબર છે. તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે, ગુજકોપ નંબર ૧૪ આકડાનો હોય છે. તેઓએ એ હકીકત નકારેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ચાર્જશીટ કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આ કામે આંક–૫ થી આરોપીઓ ઉપર ઈ. પી. કો. કલમ – ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબના ગુના અંગેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. ત્યારે ફરીયાદપક્ષ તરફે સદરહું કલમો હેઠળનો આરોપીઓ વિરૂધ્ધ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવામાં પ્રથમ ઈ. પી. કો. કલમ – ૩૦૨ ના મહત્વના તત્વો પુરવાર કરવા જરૂરી છે અને તે બાબતે જોતા  ઈ. પી. કો. કલમ – ૩૦૨ માં ખુન અંગેની શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે અને સદરહું ઈ. પી. કો. કલમ – ૩૦૨ હેઠળના શિક્ષાનેપાત્ર ગુના અંગેની વ્યાખ્યા ઈ. પી. કો. કલમ – ૩૦૦ માં આપેલ છે તે સંજોગોમાં ઈ. પી. કો. કલમ – ૩૦૨ હેઠળના મહત્વના તત્વો જોવામાં આવે તો નીચે મુજબ છે.

૧. સાપરાધ મનુષ્યવધ થવા પામેલ હોય,

૨. આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યુ હોય,

૩. જે કારણે ભોગબનનારનું મૃત્યુ નિપજેલ હોય અને,

૪. આરોપીએ કરેલ કૃત્ય – મૃત્યુ નિપવાવવાના ઈરાદાથી કર્યુ હોય અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોચાડવાના ઈરાદાથી કર્યુ હોય અથવા પોતાના કૃત્યથી મૃત્યુ નિપજાવે તેવી સંભાવના છે તેવા જ્ઞાન સાથે કર્યુ હોય.

આમ, ઉપરોકત પ્રબંધો આધિન ફરીયાદપક્ષે પ્રથમ આરોપીઓનો સદર ગુનાહીત કૃત્ય કરવા માટેનો ઈરાદો અને ગુનાહીત માનસ એટલે કે દુષીત માનસ ધરાવતા હતા તે હકીકત પુરવાર કરવી જરૂરી છે અને ઈરાદો જોતા તે ઈરાદો પુરવાર કરવો આવશ્યક છે. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈના પરીપેક્ષમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે આ કામે આંક–૩૩ થી ફરીયાદ રજુ રાખેલ છે. સદરહું ફરીયાદ જોતા ફરીયાદી દવારા તે તા.૦૩–૦૪–૨૦૨૦ ના રોજ ૦૦:૧૦ કલાકે મહુવા સરકારી દવાખાનામાં આપવામા આવેલ હોવાનું જણાય છે. ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ ફરીયાદી જણાવે છે કે, તા.૦૨–૦૪– ૨૦૨૦ ના રોજ રાત્રે પોણા નવ વાગ્યે તેઓ ચાલીને અશોકભાઈ ઢાપાની દુકાનેથી દુધ લઈને તેમના ઘર તરફ જતા હતા ત્યારે ગોવિંદભાઈ ચૌહાણની ડુંડાસ રોડ ઉપર આવેલ દુકાન આગળ પહોચતા ગાળો બોલવાનો અવાજ સંભળાતા તેઓએ જોયેલ તો સામે કીશોરભાઈની દુકાન પાછળ તેમના ભાઈ જેન્તીભાઈના દિકરા વિજયને તેમના ગામના ચીરાગ ઉર્ફે મુન્નો જયેશભાઈ ઉર્ફે જપનભાઈ મકવાણા અને બીજો એક છોકરો જેનુ નામ ચીગો ઉર્ફે મોગલ કે જે મહુવા વી. ટી. નગરનો છે તે બંને જણા ભુંડી ગાળો બોલતા હતા. તે વખતે ચીરાગ ઉર્ફે મુન્ના પાસે એક છરી હતી અને ચીગો ઉર્ફે મોગલે તેમના ભત્રીજા વિજયને બે હાથે પકડી રાખેલ હતો જેથી તેઓએ ''મુકી દે'' ''મુકી દે'' તેવી રાડ પાડેલી અને તેમના ભત્રીજા વિજયને છોડાવેલો. તેમ છતાં બંને જણાએ તેમના ભત્રીજા વિજયને ફરી વખતે પકડી ઢસડીને રોડ ઉપર લઈ ગયેલા તથા ચીરાગ તથા ચીગો ઉર્ફે મોગલ બંને જણા વિજયને પાટા મારવા લાગેલા જેથી તેઓ બાજુમાં બળતણનો ધોકો લેવા જતા ચીગા ઉર્ફે મોગલે તેમના ભત્રીજા વિજયને પછાડીને માંથે ચઢી ગયેલો અને બેય હાથે બાથ ભરીને પકડી રાખેલો અને ચીરાગ ઉર્ફે મુન્નો તેમના ભત્રીજાને છરીના ઘા આડેધડ પેટના ભાગે તેમજ પડખા અને વાસામાં મારવા લાગેલા. જેથી તેઓ ત્યા ગયેલા અને તેમના ભત્રીજા વિજયને બચાવવા વચ્ચે પડેલા આ વખતે ચીરાગ ઉર્ફે મુન્નો અને ચીગો ઉર્ફે મોગલ બંને દોડીને મોટર સાયકલ ઉપર બેસી ભાગી ગયેલા અને તેમના ભત્રીજા વિજયને શરીરે છરીના આશરે ૧૦ થી ૧૨ ઘા મારેલા અને તે લોહી લુહાણ થઈ ગયેલો તેમજ પેટના ભાગે બે જગ્યાએથી આતરડા બહાર નિકળી ગયેલા. તે દરમ્યાન બનાવની જાણ થતા તેમનો દિકરો ચેતનભાઈ તથા મુકેશભાઈ,

તેમજ તેમના મોટાભાઈનો દિકરો નાનજીભાઈ તથા હીંમતભાઈ વિગેરે આવી ગયેલા. તેઓ વધુમાં જણાવે છે કે, તેમના ભત્રીજા વિજયને છરીના આડેધડ ઘા મારવાથી ખુબ લોહી નિકળી ગયેલુ જેથી તે બેભાન થઈ ગયેલો તેથી તેમના ભાઈ અરજણભાઈનો દિકરો નાનજીભાઈ તથા તેમનો દિકરો ચેતન બંને જણા વિજયને મોટર સાયકલ પર હનુમંત હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. જયા ડોકટર સાહેબે તેને મરણ ગયેલાનું કહેલુ જેથી લાશનું પી.એમ. કરવા મહુવા સરકારી દવાખાને લઈ ગયેલા.ફરીયાદીની બનાવ અંગેની આ ફરીયાદ હકીકત અંગે તેમનો કોર્ટ રુબરુનો આંક–૩૨ નો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી તેમની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવની તારીખ તેમને યાદ નથી. પરંતુ તે આઠ નવ મહીના પહેલા બનેલો અને તે રાત્રીના સાડા આઠ થી નવના સમયમાં બનેલો અને તે કીશોરભાઈ અને ગોવિંદભાઈની દુકાનની વચ્ચે બનેલો. તેઓ વધુમાં જણાવે છે કે, વિજય જેન્તીભાઈને મુન્ના જપનભાઈ મકવાણાએ પગે પાટુ મારી પાડી દીધેલો અને પછી છરીના ઘા મારેલા અને બીજો મોગલ મોગલ કહે છે તે વ્યકિત હતો. ત્યારબાદ તેઓ પકડવા જતા તે લોકો ભાગી ગયેલા અને પછી તેમનો છોકરો ચેતનભાઈ અને તેમના મોટાભાઈનો દિકરો નાનજીભાઈ તેને દવાખાને લઈ ગયેલા. આમ, ફરીયાદીની ફરીયાદ હકીકત તથા સોગંદપરની જુબાની જોતા બનાવ સમયે ફરીયાદી સાથે અન્ય કોઈ હાજર હોય તેવા કોઈ નામ જણાવેલ નથી. ફરીયાદી તેમની ફરીયાદ તથા સોગંદપરની જુબાનીમાં જણાવેલ હકીકત મુજબ આરોપીઓ ભાગી ગયા બાદ તેમનો દિકરો ચેતનભાઈ અને તેમના મોટાભાઈનો દિકરો નાનજીભાઈ આવેલા અને તેઓ દવાખાને લઈ ગયેલા. ફરીયાદીનો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી દવારા પોતાની ફરીયાદ હકીકતને પુરેપુરી રીતે સમર્થન કરતા ન હોય જેથી એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ એ. પી. પી. શ્રી દવારા ઉલટતપાસ કરતા ફરીયાદી દવારા બનાવ તા.૦૨–૦૪–૨૦૨૦ ના રોજ રાત્રીના પોણા નવ વાગ્યે બનેલ હોવાનું તેમજ તેઓ ગોવિંદભાઈ ચૌહાણની દુકાને પહોચતા ગાળો બોલતા જોયેલ હોવાની હકીકત નકારેલ છે. તે સિવાય બનાવ બનતા તેમને જોયેલ હોવાની તમામ હકીકત સ્વીકારેલી છે. આમ, ફરીયાદીનો પુરાવો જોતા તેઓ પ્રથમ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય એ. પી. પી. શ્રી દવારા તેમને ફરી ગયેલા જાહેર કરેલ અને ત્યારબાદ લીડીંગ સવાલો પુછતા બનાવની

હકીકતને સમર્થન કરેલ છે. પરંતુ બનાવની તારીખ અને બનાવમાં તેઓએ ગોવિંદભાઈ ચૌહાણની દુકાન આગળ પહોંચતા ગાળો બોલવાનો અવાજ સાંભળેલ હોવાની હકીકત નકારેલ છે. વધુમાં જોઈએ તો ફરીયાદી દવારા પોતાની ફરીયાદમાં બનાવનું કારણ મહીના દોઢેક મહીના પહેલા તેમના ભત્રીજા વિજય તથા તેના ભાઈબંધ વિરૂધ્ધમાં ચીરાગ ઉર્ફે મુન્નાના ભાઈ રામે માંથાકુટ થયેલાની ફરીયાદ કરેલી અને અણબનાવ હતો તેની અદાવતના કારણે આ બનાવ બનેલાનુ જણાવે છે. જયારે ફરીયાદી તેમની સોગંદપરની જુબાનીમાં બનાવનું કારણ વિશે પુછતા તે અંગે તેમને કાઈ ખબર નથી તેવુ જણાવે છે અને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદમાં આવુ કારણ લખાવેલ હોવાનું સ્વીકારેલ છે. વધુમાં ફરીયાદીનો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, બનાવ અગાઉ કોઈ બનાવ બન્યો હોય તો તે અંગે તેઓ કાઈ જાણતા નથી. આમ, ફરીયાદી દવારા પોતાની ફરીયાદમાં બનાવ અગાઉની અદાવતના કારણે બનેલ હોવાનું જણાવે છે. પરંતુ સોગંદ ઉપરની સરતપાસમાં તે અંગે સમર્થન કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે બનાવ ઉદભવવાના કારણ અંગે કોઈ યોગ્ય પુરાવો રજુ કરેલ નથી. વધુમાં જોઈએ તો આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નાનજીભાઈ અરજણભાઈ સાંખટનાઓ તેમના આંક–૩૪ ના સોગંદપરના પુરાવામાં તેમજ સાહેદ ચેતનભાઈ રઘાભાઈ સાંખટ તેમના આંક–૩૫ ના સોગંદપરના પુરાવામાં પોતે બનાવ નજરે જોયેલ હોવાની હકીકત રજુ રાખેલ છે આ બંને સાહેદો નો પુરાવો જોવામાં આવે તો સાહેદ નાનજીભાઈ અરજણભાઈ સાંખટ તેમના સોગંદપરના પુરાવામાં જણાવે છે કે, ''બનાવ તા. ૦૨–૦૩–૨૦૨૦ના રોજ રાત્રીના સાડા આઠ થી નવ વાગ્યાના ગાળામાં બનેલો તે વખતે તેઓ માવો ખાવા દુકાને ગયા હતા અને ત્યા બધા ભેગા થઈ બાધતા હતા અને તેમના કાકાનો મિત્ર વિજય, પછી મોગલ ઉર્ફે ચીગો હતા અને ચીગાએ તેમના કાકાના દિકરા વિજયને પકડી રાખેલ અને મુન્નાએ છરીના ઘા મારેલા ત્યારબાદ તેઓ દંડીકો લેવા ગયા તો આ લોકો ભાગી ગયેલા અને ત્યારબાદ તેઓ વિજયને બેસાડીને હનુમંત હોસ્પિટલ લઈ ગયેલા.'' આમ, આ સાહેદનો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો બનાવ તા.૦૨–૦૩–૨૦૨૦ ના રોજ બનેલ હોવાનું જણાવે છે. જયારે બનાવ તા.૦૨–૦૪–૨૦૨૦ ના રોજ બનેલો છે અને આ બાબતે એ. પી. પી. શ્રી દવારા તેમની દલીલોમાં બનાવની તારીખ લખાવવામાં કોઈ ભુલ થયેલી હોય તેવી

કોઈ હકીકત રજુ રાખેલ નથી. વધુમાં આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, તેઓ માવો ખાવા માટે દુકાને ગયા હતા ત્યાં બધા ભેગા થયેલા અને બાજતા હતા અને તે વખતે આ બનાવ બનેલો અને તેઓએ આરોપી મુન્નાભાઈને તેમના કાકાના દિકરા વિજયને છરીના ઘા મારતા જોયેલા. પરંતુ આ સાહેદ દવારા તેઓ કઈ દુકાને ગયેલા અને તે દુકાન બનાવવાળા સ્થળથી કેટલી દુર હતી કે ત્યાંજ હતી તે બાબતે કાઈ જણાવતા નથી. આ સાહેદ દવારા બચાવપક્ષ તરફની ઉલટતપાસમાં ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોવાનું કબુલ રાખેલ છે. આમ, આ સાહેદના પુરાવા મુજબ તેઓ બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ તથા સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી જણાવે છે કે, બનાવ બની ગયા બાદ આરોપીઓ જતા રહયા બાદ સાહેદ નાનજીભાઈ અને ચેતનભાઈ આવેલા અને મરણજનારને હનુમંત હોસ્પિટલ લઈ ગયેલા. વધુમાં જોઈએ તો આ સાહેદ પોતાના સોગંદપરના પુરાવામાં બનાવ એકબીજાની બોલચાલીમાંથી બનેલ હોવાનું જણાવે છે. આ સિવાય ફરીયાદીના દિકરા ચેતનભાઈ રઘાભાઈ સાંખટનો આંક–૩૫ નો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો આ સાહેદ પણ જણાવે છે કે, બનાવ તા.૦૨–૦૩–૨૦૨૦ ના રોજ રાત્રીના સાડા આઠ થી નવના ગાળામાં બનેલો અને તે વખતે તેઓ ઘરે હતા અને તેમના પિતાએ બુમ પાડી એટલે તેઓ ત્યાં પહોચી ગયેલા અને ત્યાં ગયા ત્યારે ચીરાગ ઉર્ફે મોગલે વિજયને પકડેલો હતો અને ચીરાગ ઉર્ફે મુન્નો છરી ફેરવતો હતો અને તેઓ લાકડી ગોતવા ગયેલા ત્યારે તે ભાગી ગયેલા. વિજયને છરીના ઘા મુન્નાએ મારેલા અને ત્યારપછી તેઓ તથા નાનજીભાઈ બંને વિજયભાઈને હનુમંત હોસ્પિટલ લઈ ગયેલા. આમ, આ સાહેદનો સોગંદપરનો પુરાવો જોતા તેઓ જણાવે છે કે, તેઓ ઘરે હતા ત્યારે તેમના પિતા એટલે કે ફરીયાદીએ બુમ પાડી એટલે તેઓ બનાવવાળા સ્થળે પહોચેલા ત્યારબાદ આરોપી ચીરાગ ઉર્ફે મુન્નાને તેમના કાકાના દિકરા વિજયને મારતા જોયેલા. આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારાની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, નિશાળની બાજુમાં આવેલ ખાંચામાં ૧૦૦ થી ૧૫૦ ફુટ દુર તેમનુ મકાન આવેલ છે. આમ, આ સાહેદનો પુરાવો જોતા બનાવ તેમના મકાનથી આશરે ૧૦૦ – ૧૫૦ ફુટ દુર બનેલ હતો અને તેમના પિતાને બુમ પાડતા તેઓ પહોચેલ હોવાનુ જણાવે છે. આમ, આ સાહેદના પુરાવા મુજબ તેઓ બનાવના

પ્રત્યક્ષદર્શી સાહેદ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ તથા સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી જણાવે છે કે, બનાવ બની ગયા બાદ આરોપીઓ જતા રહયા બાદ સાહેદ નાનજીભાઈ અને ચેતનભાઈ આવેલા અને મરણજનારને હનુમંત હોસ્પિટલ લઈ ગયેલા. આ સાહેદ પોતાના સોગંદપરના પુરાવામાં બનાવ બનવાનું કારણ સામા સામા વિજયભાઈ અને મુન્નાભાઈ ફોનમાં ગાળો બોલવાથી બનેલ હોવાનું જણાવે છે. આમ, ફરીયાદી તથા કહેવાતા નજરે જોનાર સાહેદોનો પુરાવો જોતા તે પૈકી કોઈપણ દવારા બનાવ તા.૦૨–૦૪–૨૦૨૦ ના રોજ બનેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી અને ફરીયાદી પોતાની ઉલટતપાસમાં બનાવ તા.૦૨–૦૪–૨૦ ના રોજ બનેલ હોવાનું નકારેલ છે જયારે અન્ય બે સાહેદો બનાવ તા.૦૨–૦૩–૨૦૨૦ ના રોજ બનેલ હોવાનું જણાવે છે. વધુમાં જોઈએ તો સાહેદ નાનજીભાઈ અરજણભાઈ સાંખટ તેમજ સાહેદ ચેતનભાઈ રઘાભાઈ સાંખટ દવારા પોતાની ઉલટતપાસમાં બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોવાની હકીકત સ્વીકારેલ છે. વધુમાં જોઈએ તો બનાવ નેસવડ ગામ, પ્લોટ વિસ્તારમાં, ડુંડાસ રોડ ઉપર ગોવિંદભાઈ સામજીભાઈની દુકાનની સામે નેસવડ ગામથી ડુંડાસ ગામ તરફ રોડ ઉપર બનેલાનું જણાવે છે. આ કામે આંક–૯ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોતા તેની ચતુ:દિશામાં પુર્વ બાજુ ગોવિંદભાઈ શામજીભાઈ ચૌહાણની દુકાન તેમજ રાજુભાઈ રમેશભાઈ વેગડનું રહેણાંકનું મકાન આવેલ છે અને પશ્ચિમે કીશોરભાઈ હમીકભાઈ ડોડાસીચાની દુકાન બાદ તેમનું રહેણાંકનું મકાન આવેલ છે તેવુ જણાવેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફે ગોવિંદભાઈ શામજીભાઈ ચૌહાણનાઓને સાહેદ નં.–૯ તરીકે આંક–૩૭ થી તપાસેલ છે તેમજ કીશોરભાઈ હમીરભાઈ ડોળાસીયાનાઓને સાહેદ નં.–૨૦ તરીકે આંક–૩૮ થી તપાસેલ છે. આ બંને સાહેદોનો કોર્ટ રુબરુનો સોગંદપરનો પુરાવો જોવામાં આવે તો બંને સાહેદો દવારા બનાવવાળા સ્થળ આગળ પોતાની દુકાન હોવાની હકીકત અને તેમા તેઓ વેપાર ધંધો કરતા હોવાની હકીકત સ્વીકારેલ છે. પરંતુ બનાવના દિવસે અને બનાવના સમયે ત્યાં કોઈ બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી કે આવો કોઈ બનાવ તેઓએ જોયેલ હોવાની હકીકતને અને તેવી વિગતો તેમને પોલીસને લખાવેલ હોવાની હકીકતને પણ સમર્થન કરેલ નથી. આમ, બનાવના નજરે જોનાર અને સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદો દવારા બનાવની હકીકતને સમર્થન પ્રાપ્ત

થતુ નથી. આ સિવાય ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.–૧૮ તરીકે આંક–૩૬ થી સાહેદ ચેતનભાઈ નરશીભાઈ જોળીયાનાઓને તપાસેલ છે. તેઓનો પુરાવો જોતા તેઓ જણાવે છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા જેથી બનાવ તેઓએ જોયેલ નથી. પરંતુ આ બનાવ એકબીજાની બોલાચાલી થયેલી તેમા બનેલો પરંતુ કઈ બાબતેની બોલાચાલી હતી તેની તેમને ખબર નથી. બનાવ કઈ તારીખે બનેલો તે પણ તેમને ખબર નથી અને બનાવમાં શું બનેલુ તે પણ તેઓ ઘરે હોય જેથી તેઓને ખબર નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ બનાવ સમયે મરણજનારની સાથે હતા. પરંતુ આ સાહેદ દવારા આવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી. આ સિવાય ફરીયાદપક્ષ તરફે સાહેદ જગદીશભાઈ રવજીભાઈ શિયાળનાઓને સાહેદ નં.–૨૧ તરીકે આંક–૩૯ થી તપાસેલ છે. તેમજ સાહેદ સુરેશભાઈ વેલજીભાઈ મકવાણાનાઓને સાહેદ નં.–૨૨ તરીકે આંક–૪૦ થી તપાસેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ બંને સાહેદો આરોપીઓ સાથે એકજ મોટર સાયકલ ઉપર ચાર સવારીમાં આવેલા અને સાહેદ નં.–૨૨ સુરેશભાઈ વેલજીભાઈનાઓ બનાવ સમયે ત્યાં ઉભા રહેલા અને આરોપીઓ તેમની સાથે મોટર સાયકલ ઉપર બેસી ભાગી ગયેલા. પરંતુ આ બંને સાહેદોનો પુરાવો જોતા તેઓ દવારા ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં જોઈએ તો આ કામે ફરીયાદી કે અન્ય કહેવાતા નજરે જોનાર સાહેદો દવારા મુદ્દામાલ છરી ઓળખી બતાવેલ નથી અને આ કામે તપાસવામાં આવેલ રીકવરી પંચનામાના પંચ સાહેદ રીઝવાનભાઈ બરકતભાઈ ડોડીયા દવારા પોતાની આંક–૧૮ ની સોગંદપરની જુબાનીમાં તેમજ સાહેદ ઝુબેરભાઈ હેમતભાઈ ગનેજા દવારા પોતાની આંક–૩૧ ની સોગંદપરની જુબાનીમાં તેમની રુબરુમાં કોઈ રીકવરી પંચનામુ થયેલ હોય અને તેમા આરોપીએ પોતે ગુનામાં વાપરેલ છરી રજુ કરી હોય અને તે પોલીસે કબજે કરેલ હોય તેવી હકીકતને સમર્થન કરેલ નથી. એ. પી. પી. શ્રી દવારા પોતાની દલીલોમાં જણાવે છે કે, તપાસ અધિકારી દવારા પંચનામા પોતાના પુરાવામાં પુરવાર કરેલ છે. પરંતુ તપાસ અધિકારીનો પુરાવો જોવામાં આવે તો પંચનામાના કન્ટેન્ટ પોતાના પુરાવામાં જણાવેલ નથી અને પુરવાર કરેલ નથી. ફકત તેઓએ બે પંચોની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામુ કરેલ તેટલી વિગતો રજુ રાખેલ છે. આમ, ફરીયાદપક્ષ તરફે છરીની રીકવરી પુરવાર કરેલ નથી.

આ કામે મેડીકલ પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે મરણજનારનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર ડો. કલ્પેશરાય ભુપતરાય દવેને આંક–૫૩ થી તપાસેલ છે તેમનો પુરાવો જોવામાં આવે તો તેઓ દવારા મરણજનારને ૧૧ ઈજાઓ થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે અને મૃત્યુનું કારણ પણ ભોંકાયેલા ઘાના કારણે લોહી વહી જવાના કારણે થયેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. આમ, મેડીકલ ઓફીસરના અભિપ્રાય મુજબ મરણજનારનું મૃત્યુ તેમને થયેલ ઈજાના કારણે લોહી વહી જવાના કારણે થયેલ હોય જેથી મરણજનારનું મૃત્યુ કુદરતી મૃત્યુ ન હતુ અને અપમૃત્યુ હતુ તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ છે. જયારે મરણજનારનું મૃત્યુ અપમૃત્યુ હતુ ત્યારે તે મૃત્યુમાં આરોપીઓની સંડોવણી હોવા અંગેની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે રહે છે. આ કામે આંક–૯ વાળા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક–૧૫ વાળુ આરોપીઓનું અટક પંચનામુ તથા આંક–૧૯ વાળુ ડીસ્કવરી પંચનામુ તથા આંક–૨૧ વાળા બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ તથા આંક–૨૬ વાળા આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ તથા આંક–૨૯ વાળા મરણજનારના પી.એમ. દરમ્યાન નમુના કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે અને આ તમામ પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા છે અને તપાસ અધિકારી દવારા પણ તે પંચનામાઓના કન્ટેન્ટ અંગે તેમના પુરાવામાં ઉલ્લેખ કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ દવારા એક પણ પંચનામા પુરવાર કરવામાં આવેલ નથી. તે બાબતે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો અને ઉપરોકત કરેલ ચર્ચા જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી રઘાભાઈ કાબાભાઈ સાંખટ તથા ફરીયાદીના દિકરા ચેતનભાઈ રઘાભાઈ સાંખટ તથા ફરીયાદીના ભાઈના દિકરા નાનજીભાઈ અરજણભાઈ સાંખટનાઓ બનાવના નજરે જોનાર સાહેદ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદી દવારા પોતાની ફરીયાદમાં કે સોગંદપરના પુરાવામાં તેમના સિવાયના ઉપરોકત બે સાહેદો બનાવ સમયે હાજર હોય અને તેઓએ પણ બનાવ જોયેલ હોવાની હકીકત રજુ રાખેલ નથી. વધુમાં જોઈએ તો ફરીયાદી તથા આ બંને સાહેદો દવારા બનાવની તારીખ અંગે પણ વિરૂઘ્ધ હકીકત રજુ રાખેલ છે. વધુમાં જોઈએ તો ફરીયાદી તથા સાહેદો દવારા બનાવનું કારણ પણ અલગ અલગ જણાવેલ છે. ફરીયાદી દવારા પોતાની ફરીયાદમાં બનાવના કારણમાં અગાઉ આરોપી ચીરાગ ઉર્ફે મુન્નાભાઈ રામે મરણજનાર તથા તેમના ભાઈબંધ વિરૂઘ્ધ કરેલ ફરીયાદની

અદાવત રાખી હાલનો બનાવ બનેલાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તરફે તેવી કોઈ ફરીયાદ કે અગાઉની આવી કોઈ અદાવત હોય તે અંગે કોઈ પુરાવો રજુ રાખેલ નથી અને તપાસ અધિકારી દવારા પણ આ દીશામાં કોઈ તપાસ કરી હોય અને આરોપીઓને મરણજનાર સાથે અગાઉની કોઈ અદાવત હોય તેવુ રેકર્ડ પર લાવેલ નથી. વધુમાં જોઈએ તો આ કામે તપાસ અધિકારી દવારા તેમના આંક–૭૧ ના સોગંદપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ આ કામે સી. આર. પી. સી. કલમ – ૧૬૪ મુજબના નિવેદન લેવડાવવા માટે મ્હે. ચીફ જયુડી. મેજી. સાહેબશ્રી મહુવાનાઓને રીપોર્ટ કરેલો જે આ કામે આંક–૭૨ થી રજુ રાખેલ છે. આંક–૭૨ વાળો રીપોર્ટ જોતા તેમા તપાસ અધિકારી દવારા ફરીયાદી સાહીત કુલ સાત વ્યકિતઓના સી. આર. પી. સી. કલમ – ૧૬૪ મુજબના નિવેદન લેવડાવવા માટે રીપોર્ટ કરેલ છે અને તે મુજબ નિવેદનો પણ લેવામાં આવેલ છે અને બંધ કવરમાં ચાર્જશીટ સાથે કાગળોમાં રાખેલ છે. પરંતુ પ્રોસીકયુશન તરફે સરકારી વકીલશ્રી દવારા આવા કોઈ નિવેદન રેકર્ડ પર લાવવા માટે કોશીષ કરેલ નથી. તે સિવાય તપાસ અધિકારી દવારા આ કામે આંક–૭૩ થી એફ. એસ. એલ. જુનાગઢનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ રજુ કરેલ છે. સદરહું રીપોર્ટ જોતા મરણજનારનું બ્લડ ગ્રુપ 'એ' આવેલ છે તેમજ આરોપી ચીરાગ ઉર્ફે મુન્નો જયેશભાઈ મકવાણાનું પણ બ્લડ ગ્રુપ 'એ' આવેલ છે. તેમજ મુદ્દામાલ છરી ઉપર મળી આવેલ રુધીરનું ગ્રુપ જોતા તેમા પણ 'એ' બ્લડ ગ્રુપ આવેલ છે.

(૧૪) ફોજદારી કાયદાનો નિયમ છે કે, ફરીયાદપક્ષ દવારા પોતાનો કેસ શંકા રહીતના પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. આ કામે રજુ પુરાવો તથા તેના વિશ્લેષણની વિગતો જોતા આ કામે નજરે જોનાર સાહેદો છે તે મરણજનાર તથા ફરીયાદીના સગા છે અને તેઓનો પુરાવો જોતા ઉપરોકત ચર્ચા કરી તે મુજબ તેઓની હાજરી નેચરલ હાજરી જણાતી નથી. વળી બનાવની તારીખ અને બનાવના કારણ અંગે પણ વિસંગતતા આવે છે. તેમજ ફરીયાદ આપ્યાના સ્થળ અંગે પણ વિસંગતતા જણાય છે. વળી રજુ પુરાવો જોતા બનાવ રોડ ઉપર બનેલ છે. તે સમયે દુકાનો પણ ખુલ્લી હતી અને ત્યાં ઘણા માણસો પણ ભેગા થઈ ગયેલા. પરંતુ આવા સ્વતંત્ર સાહેદો દવારા સમર્થન પ્રાપ્ત થયેલ નથી. જે તે મેડીકલ પુરાવો માની લેવામાં આવે તો પણ તેને કોઈ મૌખિક કે અન્ય પુરાવાથી સમર્થન મળતુ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ

થયેલ પુરાવો જોતા ફરીયાદપક્ષ પોતાની ફરીયાદ હકીકત શંકા રહીતના પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી મુદ્દા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.–ર પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

**૧** હાલના કામના આરોપી નં.– (૧) ચિરાગ ઉર્ફે મુન્નો જયેશભાઈ ઉર્ફે જપ્પનભાઈ મકવાણા, ઉ.વ.ર૯, રહે. હાલ : છેનુભાઈની ચાલી, બગ્લા અંરીયા, છારા નગર, ક્રોસીંગ પાટીયા, અમદાવાદ, મુળ વતન ગામ : નેસવડ, તા.મહુવા, જી.ભાવનગર તથા (ર) ચિરાગભાઈ ઉર્ફે ચિગો ઉર્ફે મોગલ ઉકાભાઈ ચુડાસમા, ઉ.વ.ર૦, રહે. વી.ટી.નગર, મંગલમુર્તિ સ્કુલની સામે, મહુવાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ ર૩પ(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ : ૩૦ર, પ૦૪, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**ર.** આ કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ તથા મોટર સાયકલનો અગાઉ તેના મુળ માલીકને વચગાળાની કસ્ટડી પર સોંપવાનો હુકમ થયેલ હોય તો તે હુકમ અપીલ પીરીયડ બાદ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા ઈન્કવાયરી કરી ફેસલ કરવો.

**૩.** આ કામે કબજે કરેલ બિનકીંમતી મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ કાયદાનુસાર નાશ કરવો.

**૪.** આરોપીઓના અગાઉ આપેલ જામીન તથા જામીનખત આથી રદ કરવામાં આવે છે.

**પ.** ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ નામ. વડી અદાલત સમક્ષ જો અપીલ થાય તો તે દરમ્યાંન હાજર રહેવા માટે રૂા.પ,૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજરોજ તા. ૦૭'મી – એપ્રીલ, ર૦રર ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મહુવા.**
**તા.૦૭–૦૪–ર૦રર.**

**(ફાલ્ગુની એસ. પરીખ)**
**૭'મા એડીશ્નલ સેશન્સ જજ**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૭ર૧**

HRC